# शील श्रुतम्

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૨૨ અંક : ૭ ફેબ્રુઆરી-મે ૨૦૧૨ મહા-જેઠ ૨૦૬૭ સળંગ અંક : ૨૩૬



સંપાદકો : પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + ઉજ્જ્વલ ત્રિવેદી + મનીષ સોલંકી + રાજુ રાઠોડ + ઝેડ. એ. સિપોય


## Editorial

### W(h)ither University? The 'Idea of a University' Today

John Henry Cardinal Newman (1801–1890) published a series of lectures entitled *The Idea of a University : Defined and Illustrated* (1873) in which he presented his views on what the university education ought to aim at. Though his views are largely influenced by his religious vocation of a priest, they are of far-reaching consequences as well as of vital relevance to our present time when the university system as an establishment is witnessing a ferocious opposition from all the fronts. While questions regarding its *raison d'être*, the viability of university education and its commitment as a public institution to the agenda of social good have always been raised, these questions are haunting university system now with unprecedented intensity as people within and without university have fallen prey to the breaking of consensus for its very desirability and a gradual shattering of conviction is besetting its foundation. During this time of crisis Newman's treatise on mission and function of university can really be an oasis in the desert of the present times. Let us have a brief look at the central tenets of this treatise. The foremost important is Newman's idea that university should primarily be a teaching organisation that emphasises 'the diffusion and extension of knowledge rather than its advancement'. Newman was also strongly in favour of 'liberal education' which he distinguished from commercial or professional education. He also thought that in university knowledge should be pursued 'for its own sake'. But by this he did not mean pure research. For him the search for truth is an inseparable part of university educational ideal. He also described university as a place of 'universal knowledge', in which sepcialised training, though valid in itself, was subordinate to the pursuit of a broader liberal education. Newman's 'Idea' is that university is not to teach useful knowledge or dogmatic truth, nor to pursue research, but to educate philosophically and critically, to discipline and enlarge the mind.

However, the phrase 'idea of a university' was not invented by Newman, but goes back to a seminal period in modern university history, the reforms of Wilhelm von Humboldt in Prussia. Starting with the University of Berlin, founded in 1810, the 'Humboldtian' university became a model for the rest of the Europe, and by 1914 German universities were generally admired as the best in the world. It was the Humboldtian model that shaped the universities with optimum premium on research. The Humboldtian university can be seen as the characteristic form of the university idea until the growth of mass higher education in the late twentieth century. It had a number of interlocking features, some new, some inherited from the past, and was inevitably marked by the deep forces of the age, including nationalism, secularization, the growth of the modern state, and the shift of social power from aristocracies to the middle classes, on the basis of merit, intellectual expertise, and professionalism. The central Humboldtian principle was the 'union of teaching and research' in the work of the individual scholar or scientist. The function of university was to advance knowledge by original and critical investigation, not just to transmit the legacy of the past to teach skills. Teaching should be based on the disinterested search for truth, and students should participate, at however humble a level, in this search. Hence the classic view that university was 'a community of scholars and students' engaged on a common task. Humboldt's influence is still felt in the assertion that research must be an integral part of every university's activities. But for Humboldt, research was ancillary to teaching, and the specialised research which became the basis of the German universities' reputation was a later development. It was only in the twentieth century that research came to be seen as a vital activity in itself, contributing to industrial progress, military strength, and social welfare, and requiring collaborative rather than individual effort. In Britain, this came quite late: even in the 1960s, the plate-glass universities were most notable for their experiments in teaching. The current emphasis on research as the s*ine qua non* of universities is a recent phenomenon.

Where do we stand, as an Indian university founded on the principle of catering to the innermost rural regions' educational requirements, between these two extremes of views pertaining to the university system represented by Newman and Humboldt? This is the question confronting us at this juncture when there are too many upheavals taking place in the university system right from policy design and syllabus formation to examination and assessment pattern. We must rethink the mission and function of our university amidst these winds of change by keeping the student in the centre of any of our policy decision, since no public institution can aim to survive by ignoring the needs of the very group that it is supposed to cater to. Given the fact that ours is a university dedicated to the mission of rural regeneration and upliftment through higher education, it is high time to give a serious thought to its *raison d'être* by attempting striking a balance between Newmanian and Humboldtian perspectives on the university education system.

**Manish Solanki**

## Teaching - Learning

- A Two-day National Level Seminar on "Understanding the Indian Rural Consumers" was organized by **G.H. Patel Postgraduate Institute of Business Management (MBA Programme),** Sardar Patel University, Vallabh Vidyanagar on 17th and 18th February 2012 under UGC DRS SAP-II. Prof. H.J. Jani, Director, Department of Management introduced the guests and speakers. Prof. R.P. Patel, Co-ordinator of UGC SAP DRS-II introduced the theme of the seminar to the audience. Dr. Harish Padh, Vice-Chancellor, Sardar Patel University presided over the inaugural function. He emphasized the importance of interface between advancement in science, business and consumers. Prof. Jeemol Unni, Director, Institute of Rural Management, Anand, delivered the key note address. She emphasized on the shrinking rural market but highlighted huge prospects of growth in rural India because of the sheer size and growth potential. Subsequently, the Seminar was divided into four different technical sessions during these two days. The broad theme of the four different technical sessions were (i) FMCG and Consumer Durables: Rural Market Scenario in India, (ii) Service Sector: Rural Perspective (iii) Consumer Behavior and Promotion Mix in Indian Rural Market and (iv) Indian Rural Consumer: General Theme. Academicians, research scholars and subject experts presented total 65 research papers from different Colleges and PG Departments of Gujarat during these two days. Prof. Hemant C.Trivedi, MICA, Ahmedabad delivered the Valedictory address on 18th February 2012. The seminar was co-ordinated by Seminar Director Dr. Darshana R. Dave, with active support of other faculty members and students of the department.

- વલ્લભ વિદ્યાનગર ખાતે યુનિવર્સિટી અનુદાન આયોગ દ્વારા સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક રાજયશાસ્ત્ર વિભાગના ઉપક્રમે બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. હરીશ પાઢે ખુલ્લો મૂક્યો હતો. આ પ્રસંગે પ્રવચન કરતા પ્રો. પાઢે ભારતીય સંસદનું મહત્વ અને લોકોની જવાબદારી અંગે વાકેફ કર્યા હતા. આ ઉદ્‌ઘાટન સમારંભના મુખ્ય મહેમાન ડૉ. મનોજ સોની, કુલપતિ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ હતા. તેઓએ ભારતમાં જે.પી. આંદોલન અને ભ્રષ્ટાચાર નાબૂદી આંદોલનની તલસ્પર્શી ચર્ચા કરી હતી. આ રાષ્ટ્રીય પરિસંવાદમાં અતિથિ વિશેષ તરીકે પ્રો. મધુરેન્દ્ર કુમાર, પ્રોફેસર, પોલીટીકલ સાયન્સ, કુમૌન યુનિવર્સિટી, નૈનિતાલ, ઉત્તરાખંડ હતા. એમણે ભારતીય સંસદ અને લોકશાહી અંગે ચિંતનીય પ્રવચન કર્યુ હતું. પ્રો. પી.એમ. પટેલ, એમ.એસ. યુનિવર્સિટી, વડોદરાએ ‘ભારતીય સંસદ અને ભારતના લોકો’ વિશે પોતાનું બીજરૂપ વકતવ્ય આપ્યું હતું. પ્રારંભમાં અનુસ્નાતક રાજયશાસ્ત્ર વિભાગના કાર્યાધ્યક્ષ અને રાષ્ટ્રીય પરિસંવાદના ડાયરેકટર ડૉ. બલદેદવ આગજાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. અંતમાં પ્રા. હિતેષ પટેલે આભારવિધિ કરી હતી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. અલ્કા મેકવાને કર્યું હતું. સમાપન સમારોહના મુખ્ય મહેમાન ડૉ. કિરીટ સોલંકી, સાંસદ, અમદાવાદ અને અધ્યક્ષ તરીકે પ્રો. દિનેશ શુકલ, નિવૃત્ત પ્રોફેસર, ગુજરાત યુનિવર્સિટી રહ્યા હતાં. આ પરિસંવાદમાં દેશમાંથી, વિવિધ રાજયોમાંથી અને મેકિસકો તથા જાપાનથી સંશોધકોએ હાજરી આપી પોતાના વિચારો વ્યકત કર્યા હતાં.

- ઈન્ડિયન પોલીટીકલ સાયન્સ એસોશિયેશનના ઉપક્રમે લખનૌ ખાતે યોજાયેલા ૫૪માં વાર્ષિક અધિવેશનમાં State of Political Science as a discipline in Gujarat વિષયે ડૉ. બલદેવ આગજાએ સંશોધન પેપર રજૂ કર્યું હતું. ઉપરાંત ઈન્ડિયન પોલીટીકલ સાયન્સ એસોશિયેશનના કારોબારી સભ્ય તરીકે એમની સર્વાનુમતે વરણી કરવામાં આવી.

ગાંધી એન્ડ પીસ રીસોર્સ સેન્ટર અને ઈન્ડિયન સોસાયટી ફોર ગાંધીયન સ્ટડીઝ આયોજીત ૩૪મી ISGS Annual Conferenceમાં 'Gandhian Values in the New Milennium'; વિષયે કોટા ઓપન યુનિવર્સિટી, રાજસ્થાન ખાતે ડૉ. આગજાએ શાંતિ અને ગાંધીને લગતા વિચારો રજૂ કર્યા હતા.

ડૉ. આગજાએ વર્ધમાન મહાવીર ઓપન યુનિવર્સિટી, કોટા ખાતે "Contemporary Development and Dimensions of Gandhian Studies" રાષ્ટ્રીય પરિસંવાદમાં પણ સક્રિય ભૂમિકા ભજવી હતી.

- સરદાર પટેલ યુનિવર્સિટી અને નૉલેજ કોન્સૉર્સીયમ ઓફ ગુજરાતના સંયુકત ઉપક્રમે રીસર્ચ મેથેડોલોજી ઉપર એક કાર્યશાળાનું ઉદ્‌ઘાટન તા. ૧૨ માર્ચ ૨૦૧૨ના રોજ જ્ઞાનોદય ભવનના સરદાર પટેલ સેનેટ હોલ ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યશાળામાં મુખ્ય મહેમાનપદે સરદાર પટેલ યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ અને નૉલેજ કોન્સૉર્સીયમ ઓફ ગુજરાતના કન્સલટન્ટ તેમજ એડવાઈઝર ડૉ. પી.જે. પટેલઅને અતિથિ વિશેષ

પદે એમ.એસ. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. યોગેશ સિંગ તથા વેદાંત પંડ્યા, સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હરીશ પાઢ, કાર્યક્રમના કોઓર્ડિનેટર પ્રો. એન.વી. શાસ્ત્રી, ડૉ. દત્તા મદમવાર હાજર રહ્યા હતા.

આ કાર્યશાળા તા. ૧૨-૩-૨૦૧૨ થી ૧૪-૩-૨૦૧૨ (ત્રણ દિવસ) દરમ્યાન યોજાઇ હતી. એમાં યુનિવર્સિટીના વિભાગો તેમજ વિવિધ કોલેજોમાંથી ૧૫૦ થી વધુ તાલીમાર્થીઓએ ભાગ લીધો. આ કાર્યશાળા સંશોધન પ્રવૃતિને વેગ આપવાનો હેતુ ધ્યાને રાખીને યોજાઇ. જેમાં ૫૦ જેટલા સંશોધન અંગેના પ્રકલ્પો વિકસાવવામાં આવ્યા હતા.

આ કાર્યશાળામાં સમાપન કાર્યક્રમમાં ઉચ્ચ શિક્ષણ વિભાગના કમિશ્નર શ્રીમતી ડૉ. જયંતિ રવિ ઉપસ્થિત રહ્યા હતા.

● તા. ૩-૪ માર્ચ ૨૦૧૨ દરમિયાન **અનુસ્નાતક ગુજરાતી વિભાગ**, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન UGC, નવી દિલ્હી દ્વારા આયોજિત દ્વિદિવસીય પરિસંવાદ યોજાઇ ગયો. પરિસંવાદનો વિષય 'સાહિત્ય સંશોધન પદ્ધતિશાસ્ત્ર' હતો. ગુજરાતી ભાષાસાહિત્ય સંદર્ભે સંશોધન પ્રવૃત્તિની સર્વાંગી વિચારણા કરવાના આશયથી યોજાયેલ આ પરિસંવાદના ઉદ્ઘાટક તરીકે અનુસ્નાતક ગુજરાતી વિભાગના પૂર્વછાત્ર અને હાલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર ઉપસ્થિત રહ્યા હતા. પરિસંવાદની ભૂમિકા વિભાગના પ્રોફેસર પરમ પાઠકે બાંધી આપી હતી. આ પરિસંવાદમાં પ્રો. ચંદ્રકાન્ત ટોપીવાળાએ 'અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન' વિશે, પ્રો. ધીરુ પરીખે 'તુલનાત્મક સાહિત્યમાં સંશોધન' વિશે, પ્રો. દર્શના ધોળકિયાએ 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધન (સંતસાહિત્યના વિશેષ સંદર્ભે)' વિશે, પ્રો. હસુ યાજ્ઞિકે 'ગુજરાતી લોકસાહિત્યમાં સંશોધન' વિશે દીપક મહેતાએ ૧૯મી સદીના ગુજરાતી સાહિત્યમાં સંશોધન અંગે તેમજ યોગેન્દ્ર વ્યાસે ભાષા વિજ્ઞાન સંદર્ભે સંશોધન અભ્યાસપૂર્ણ તેમજ સંશોધનરત અને ભાવિ સંશોધકો માટે ઉપયોગી એવા વ્યાખ્યાનો આપ્યાં હતાં. આ પ્રસંગે લોકસાહિત્ય ક્ષેત્રે વિશેષ નોંધપાત્ર કામ કરનાર પ્રો. ભગવાનદાસ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમાપન વકતવ્યમાં પ્રો. નરેશ વેદ સાહેબે આ પરિસંવાદની પ્રસ્તુતતા અંગે રાજીપો વ્યકત કર્યો હતો. તજ્જ્ઞ વ્યાખ્યાતા દ્વારા રજૂ થયેલા વ્યાખ્યાનો દ્વારા વર્તમાન અને ભાવિ સંશોધકો સંશોધનની શિસ્તથી વાકેફ થયા. એટલું જ નહી પણ અનેક વણખેડાયેલા ક્ષેત્રોની જાણકારી પ્રાપ્ત થઇ. સંશોધકને સજ્જ કરતો આ પરિસંવાદ સફળ રહ્યો.

● પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર, ઉદયપુર દ્વારા પ્રાયોજિત અને અનુસ્નાતક હિન્દી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા ચારૂતર વિદ્યામંડળ અને વિદ્યાનગર મ્યુનિસિપલ બરોના તત્વાવધાનમાં આયોજિત પાંચ દિવસીય નાટ્ય સમારોહ રમા મનુભાઇ દેસાઇ મ્યુઝિક અને ડાન્સ કોલેજ ખાતે સંપન્ન થયો. ૨૩મીથી ૨૭મી જાન્યુઆરી ૨૦૧૨ સુધી આયોજીત નાટ્ય સમારંભને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢ, ચારૂતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ અને જી.સી.એમ.એમ.એફના શ્રી. બી.એમ. વ્યાસે દીપ પ્રગટાવી ખુલ્લો મૂક્યો હતો. હિન્દી વિભાગના વડાશ્રી ડૉ. નવનીત ચૌહાણે સૌને આવકાર્યા હતા. સમારંભના પ્રથમ દિવસે ઉજ્જૈનની નાટ્યસંસ્થા દ્વારા 'કોર્ટ માર્શલ' નાટકની રજૂઆત થઇ. બીજા દિવસે જોધપુરના કલાકારોએ 'હિન્દ સ્વરાજ' નાટકની પ્રસ્તુતિ કરી, જયારે ત્રીજા દિવસે વડોદરાના રંગ કર્મીઓએ 'ચિડી દીદી ચિડી દીદી દરવાજા ખોલો' નાટક ભજવ્યું હતું. ચોથા દિવસે ઉદયપુરના નાટ્ય કલાકારોએ 'મીતા કી કહાની' નાટક રજૂ કરેલ જયારે પાંચમા દિવસે વર્ધાના રંગકર્મીઓએ 'ગિનીપિગ' નાટકની રજૂઆત કરી હતી. પાંચેય પ્રસ્તુતિઓ દરમ્યાન નાટ્યપ્રેમી પ્રેક્ષકોએ હાજર રહી પ્રસ્તુતિઓને વધાવી લીધી હતી. પાંચમા દિવસે સમારોહની પૂર્ણાહૂતિ થઇ. આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢે શુભેચ્છાઓ પાઠવી અને આવા આયોજન વારંવાર થાય તે માટે હાકલ કરી હતી. વિભાગના વડાશ્રી ડૉ. નવનીત ચૌહાણે સૌ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્રના અધિકારીશ્રી લઇક હુસૈન સમગ્ર સમારોહ દરમ્યાન હાજર રહ્યા હતા.

● **G.H. Patel Postgraduate Institute of Business Management (MBA Programme)** has been organizing Alumni Meet every year since last 15 years. This year also the department organized the **Alumni Meet** on 5th February 2012.Total 96 alumni attended the meet. They shared their experiences and participated in the panel discussion titled **"Glass Ceiling".** At the end of the programme, various awards such as Alumni of the Year, Consistent Alumni, Mr. Alumnus, Ms. Alumna etc. were given to alumni for encouraging them to visit their alma matter more frequently.

● આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી સંચાલિત **શ્રી જશભાઇ** મોતીભાઇ પટેલ આર્ટ્સ કોલેજ, આણંદમાં ''જશકમલ વ્યાખ્યાનમાળા'' અંતર્ગત સંસ્કૃત વિભાગ દ્વારા 'સંસ્કૃતમાં રૂપક સાહિત્ય' એ વિષય હેઠળ સંસ્થાધ્યક્ષશ્રી બિપીનચન્દ્ર પી. પટેલ (વકીલ)ની અધ્યક્ષતામાં ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના ભાષા સાહિત્ય ભવનના ગૌરવ પુરસ્કારથી સન્માનીત પ્રા. ડૉ. રશ્મિકાન્ત મહેતાનું વ્યાખ્યાન યોજાયું હતું.

● તાજેતરમાં યોજાયેલ સીવીલ જજ જે.ડી. એન્ડ જયુડિશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટકલાસની પરીક્ષામાં શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ લો કોલેજમાં અભ્યાસ કરી ચૂકેલા કૃષ્ણકાન્ત દવે, બિપીન રોહીત, રાકેશ સોની, અનુરાગ ત્રિવેદી, ધર્મેન્દ્ર પટેલ, કર્દમ જોશી, ફૈઝ શેખ, જયમીન પટેલ, સલીમ બાદશાહ, જયેશ

ખાંટ, અર્જુન રણધીર, નિરવ વ્યાસ વિરેન્દ્ર ઠાકોર, ગૌરાંગ જાની ઈત્યાદિ ૧૫ કરતાં વધારે વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. સૌને અભિનંદન.

- **G.H. Patel Postgraduate Institute of Business Management (MBA Programme)** organized a talk on the Union Budget 2012-13 by renowned academician and Economist, Prof. Ravindra Dholakia of IIM-Ahmedabad on 17th March 2012.

The speaker was introduced to the audience by Prof. H. J. Jani who briefly described Prof. Dholakia's credentials. The auditorium was packed with students and faculty members from various institutions in and around Anand including IRMA, AIMS, SEMCOM, University Departments, ILSASS, SPEC, Agro Economic Research Centre etc.

In his talk, Prof. Dholakia with his usual witty style, revealed that this fiscal document was not having a long term mission and confidence. He explained the critical assumptions on which the budget was made such as lower oil prices, expectations of higher agriculture growth and a massive recovery of the US economy, all of which, according to him, was wishful thinking. He attacked the approach on Fiscal Responsibility Budget Management (FRBM). He explained that politicians turned finance ministers are not competent and they simply pass on their mess and burden to the next ministers and so on. He finally observed that this budget was lacking the courage to go out for a fiscal consolidation. At the end of the session, Dr. P.K. Priyan, proposed the vote of thanks. This programme was organized under Corporation Bank Chair in Management. Mr. Chandra Shekhar-Branch Manager, Sardar Patel University branch, corporation Bank also briefly explained impact of budget on banking sector.

## Newly Constituted Syndicate Body for 1 April 2012 to 31 March 2015

(1) Dr. Harish Padh

(2) Director (Commissioner) of Higher Education

(3) Commissioner of Technical Education

(4) Director of Health, Medical Services and Medical Education

(5) Dr. Pallavi Patel

(6) Dr. Samir Jagdishchandra Patel

(7) Dr. Varmala Tirathram Bhamwari

(8) Mrs. Rekha Linus Emanuel

(9) Shri Indrajit Natvarlal Patel

(10) Shri Ketankumar Parsottamdas Patel

(11) Shri Pragneshkumar Arvindbhai Patel

(12) Shri Bipinchandra Purshottamdas Patel

(13) Dr. Dilipkumar Gordhanbhai Patel

(14) Gadhavi Ghanshyamsinh Narsinh

(15) Dr. Shirish H. Shrivastava

(16) Shri Gurusharan A. Patel

(17) Ms. Khyatiben Patel

(18) Shri Parth Bipinchandra Patel

(19) Dr. Nikhil Zaveri

(20) Shri Hemantkumar J. Patel

(21) Smt. Rupa Anand Dalal

(22) Dr. Farokh Sorabji Umrigar

(23) Dr. Bharatkumar N. Pandya

(24) Dr. Ujjwal Trivedi

(25) Shri Jayprakash V. Patel

(26) Shri Rajesh R. Patel

# Research

● પ્રો. હરીશ પાઢ, કુલપતિશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટીની શિક્ષણમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ **"B-School Excellence Award - 2012"** માટે જ્યૂરી ઓફ Bloombeng UTV & B-School Affaire, Mumbai દ્વારા પસંદગી થઇ છે.

Bloomberg UTVએ ભારતનું ૨૪ કલાક અંગ્રેજી ભાષામાં પ્રસારિત થતુ બીઝનેસ અને ફાયનાન્સ ન્યુઝ આઉટલેટ છે, જે UTV Software Communication & Bloomberg ટેલીવિઝનની માલીકીનું છે અને તેને સંયુકત રીતે ચલાવવામાં આવે છે. પ્રો. હરીશ પાઢ, કુલપતિશ્રીને તેમની નેતૃત્વ, વિકાસ, સંસ્થાનું માર્કેટીંગ તથા ઉદ્યોગો અને યુનિવર્સિટી વચ્ચેના જોડાણ માટેની ઉત્કૃષ્ટ કામગીરી માટે આ એવોર્ડ એનાયત થયો છે.

આ એક ખૂબ જ સન્માનનીય એવોર્ડ છે, જે જ્યૂરી અને પેનલ ઓફ પ્રોફેશનલ કે જેઓ શ્રેષ્ઠતામાં વિશ્વાસ કરે છે તેમના દ્વારા પસંદ કરવામાં આવે છે.

આ એવોર્ડ સમારંભ તા. ૧૮.૨.૨૦૧૨ના રોજ તાજ લેન્ડ એન્ડ, બાન્દ્રા, મુંબઇ ખાતે યોજાયો હતો. આ સમારંભમાં શ્રી જોનાથન પીટર, સ્થાપક, સ્ટાર્સ ઓફ ઇન્ડસ્ટ્રીઝ ગ્રુપ, યુ.એસ.એ., શ્રી હરીશ મહેતા, ચેરમેન અને મેનેજીંગ ડાયરેકટર, ઓનવર્ડ ટેકનોલોજીસ લી., અને ટ્રસ્ટી, દેવાંગ મહેતા ફાઉન્ડેશન ડૉ. ભાસ્કર ચેટરજી ડાયરેકટર જનરલ અને સી.ઇ.ઓ. ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ કોર્પોરેટ અફેર, ડૉ. આર.એલ.ભાટીયા, સી.ઇ.ઓ., ફન એન્ડ જોય એડ વર્ક ઇત્યાદિ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

કુલપતિશ્રીને રાષ્ટ્રીય ફલક ઉપર મળેલ આ સ્વીકૃતિ બદલ સરદાર પટેલ યુનિવર્સિટી ગર્વની લાગણી અનુભવે છે.

● સરદાર પટેલ યુનિવર્સિટીના એસો. પ્રોફેસર ડૉ. રમેશ એચ. મકવાણાને છેલ્લા દોઢ દાયકાથી પંચાયત ક્ષેત્રે કાર્યરત યુવાનો, નિરક્ષર અને ગરીબ મહિલાઓના રાજકીય-સામાજિક સશકિતકરણના કાર્ય માટે આપેલા મહત્વપૂર્ણ યોગદાન બદલ જમ્મુ-કાશ્મીરના રાજયપાલ માનનીય શ્રી એન.એન. વોહરાના હસ્તે ભારતીય વિદ્યાભવન, નવી દિલ્હી મુકામે છઠ્ઠો આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત થયો. આ પ્રસંગે એનસીટી, દિલ્હીના પ્રોજેકટ ડાયરેક્ટર ડૉ. બી.એસ. બેનર્જી, ભારતીય વિદ્યા ભવનના ડાયરેક્ટર શ્રી અશોક પ્રધાન તથા સરદાર વલ્લભભાઇ પટેલ સંસ્થાના ચેરમેન રામ અવતાર શાસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. મકવાણાનું વિશેષ પ્રદાન પંચાયત ક્ષેત્રે કાર્યરત અને ગરીબ મહિલાઓનું સામાજિક - રાજકીય સશકિતકરણનું છે. તેમણે ગુજરાત રાજયના બાર જિલ્લા (આણંદ, અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ખેડા, જુનાગઢ, સાબરકાંઠા, પંચમહાલ, ડાંગ, બનાસકાંઠા, નર્મદા)ના કુલ ૩૦૦ મહિલા સરપંચોની કામગીરીનો મેજર રીસર્ચ પ્રોજેકટ, યુજીસી, ન્યુ દિલ્હી પૂરો કર્યો. આ નિમિત્તે મહિલા સરપંચોના વાસ્તવિક પ્રશ્નો - પડકારો જાણી, તે પડકારોને કુનેહપૂર્વક પહોંચી વળવા અને તેને હલ કરવાના ઉકેલો શોધવાની પાયાની તાલીમ મહિલા સરપંચોને આપી અને મહિલાઓને પંચાયત ક્ષેત્રે ઉત્તમ કામ કરવામાં અનુકૂલન અને સમાયોજન સાધવા જુદી જુદી પદ્ધતિઓ અને તરકીબો દર્શાવી છે.

● આણંદ પીપલ્સ કેડિકેર સોસાયટી, આણંદ સંચાલિત શ્રી જે.એમ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદના રાજયશાસ્ત્ર વિભાગના અધ્યક્ષા કુ. દિવ્યાબેન દિલીપભાઇ પટેલે, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના અનુસ્નાતક રાજયશાસ્ત્ર વિભાગના કાર્યકરી અધ્યક્ષ ડૉ. બલદેવ આગજાના માર્ગદર્શનમાં તાજેતરમાં 'ગુજરાત વિધાનસભાનું બદલાતું સ્વરૂપ' એ વિષય પર મહાનિબંધ લખી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના પ્રશિક્ષાર્થીઓ પટેલ મેઘના આર., કિંજલબેન બી. પટેલ, તેમજ પ્રા. ઉષા એસ. શારડાની આઇ.આઇ.ટી. અલ્હાબાદ ખાતે સાયન્સ કોનકલેવમાં પસંદગી થઇ હતી. આ સાયન્સ કોન્કલેવમાં દુનિયાના વિખ્યાત તથા નોબેલ પારિતોષિક મેળવનાર અને ભારતના વિખ્યાત વૈજ્ઞાનિકો સાથે ચર્ચા વિમર્શ કરવાની તક મળી હતી. આ સાથે ત્યાં આયોજીત વૈજ્ઞાનિક પ્રદર્શનમાં પ્રા. ઉષા એસ. શારડાના માર્ગદર્શન હેઠળ વર્તુળના બધા જ પ્રમેયોની સાબિતી આપતું મૉડેલ રજૂ કરવામાં આવ્યું હતું.

● લોકવિજ્ઞાન કેન્દ્ર આયોજીત ગણિત - વિજ્ઞાન પ્રદર્શન ગો.જો. શારદા મંદિર, વલ્લભ વિદ્યાનગર ખાતે કોલેજના ગણિતના પ્રાધ્યાપકો દ્વારા ગણિતજ્ઞોની માહિતી, ગણિત કોયડાઓ, ગણિત ગમ્મત, ત્રિકોણ-પેરાબોલાના મૉડેલ્સ લાઇટવાળા મૉડેલ્સ વગેરેનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં વિજ્ઞાન વિભાગના વડા ડૉ. જયશ્રીબેન જે. દિક્ષીતે ગુજરાત સ્ટેટ એલિજિબિલીટી ટેસ્ટ ની પરીક્ષા ઉત્તીર્ણ કરી.

# Extension

- મ્યૂઝિયમ વિભાગે નડિયાદની શ્રી સંતરામ સંસ્કાર કેળવણી મંડળ સંચાલિત શ્રી સ્વામી વિવેકાનંદ શાળા ખાતે શાળાની વિશેષ પ્રવૃતિ અંતર્ગત તા. ૨૮ અને ૨૯ ફેબ્રુઆરી ૨૦૧૨ દરમ્યાન બે દિવસના શૈક્ષણિક મેળામાં ભાગ લીધો. આ શૈક્ષણિક મેળાનું ઉદ્‌ઘાટન સરદાર પટેલ યુનિવર્સિટી મ્યુઝિયમના ક્યુરેટરશ્રી અમોલ મોહિતે તેમજ પુનિતભાઇ દીક્ષિત, વૈજ્ઞાનિક ઇસરો (બેંગ્લોર) ના હસ્તે કરવામાં આવ્યું. આ વિશેષ પ્રવૃત્તિમાં Museum Awareness પ્રોગ્રામ ૨૦૧૨ અંતર્ગત, મ્યૂઝિયમના ક્યુરેટરશ્રીએ સ્લાઇડ પ્રેઝન્ટેશન અને લેકચર ડેમોસ્ટ્રેશન દ્વારા મુલાકાતીઓને આપણી રાષ્ટ્રીય ધરોહર વિશેની વિષદ્ માહિતી પૂરી પાડી હતી. આ બે દિવસના શૈક્ષણિક મેળામાં નડિયાદની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ પણ મુલાકાત લીધી.

આજના કોમ્પ્યુટર યુગમાં લોકો આપણા સાંસ્કૃતિક વારસાને ભૂલવા લાગ્યા છે. મ્યૂઝિયમ એક એવી સંસ્થા છે, જ્યાં આવી સાંસ્કૃતિક મહત્વ ધરાવતી વસ્તુઓનું જતન કરવામાં આવે છે. ઉપરોક્ત શૈક્ષણિક મેળામાં મ્યૂઝિયમ વિભાગ દ્વારા Archeology અને Museology જેવાં સાંસ્કૃતિક વારસાને જતન કરનાર વિષયો વિશે તેમજ તેને કારકિર્દી તરીકે કઇ રીતે લઇ શકાય તે વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી.

ઉપરાંત, આ શૈક્ષણિક મેળામાં મુલાકાતે આવનાર વિદ્યાર્થીઓ તેમજ અન્ય લોકો માટે એક ખાસ પ્રદર્શનનું પણ આયોજન મ્યૂઝિયમ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં વિશેષતઃ ડાયનોસોરના અવશેષો, પ્રાગૈતિહાસિક કાળના આદિ- માનવે બનાવેલા પથ્થરના ઓજારો, ઇ.સ.૧૨મી સદીથી ઇ.સ. ૧૮મી સદીના મૂર્તિકાળના નમૂના તેમજ પ્રાચીન સિક્કાઓ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ નિમિત્તે કોલેજમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું.

સ્વામી વિવેકાનંદ ક્લબના નેજા હેઠળ કોલેજની તાલીમાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધા, ગઝલ સ્પર્ધા, રંગોળી, આરતી સુશોભન, પુસ્તક સમીક્ષા, રમતોત્સવ, સાંસ્કૃતિક કાર્યક્રમ, દુલ્હન સ્પર્ધા, લગ્નગીત સ્પર્ધા, ગણિત વિજ્ઞાન ક્વીઝ વગેરે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજમાં સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણી અન્વયે કોલેજમાં સ્વામી વિવેકાનંદના વિચારો વિષયે નિબંધ સ્પર્ધા યોજાઇ ગઇ. જેમાં ૧૦૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એમાં ગુજરાતી વિભાગમાં પ્રથમ ક્રમાંકે ભૂમિકા એમ. પટેલ સૌથી વધુ ગુણાંક મેળવ્યા હતા. બીજો ક્રમાંક કુમારી અનુપ્રિયા ડી. પરમારે અને ત્રીજો ક્રમાંક નીલમબેન જે. કડીયાએ પ્રાપ્ત કર્યો હતો.

અંગ્રેજી વિભાગમાં પ્રથમ ક્રમાંક પાયલ એલ. ધામેલિયા, બીજો ક્રમાંક લીના નારણ મિનબાની અને ત્રીજો ક્રમાંક વસાણી જીનલ વી. એ પ્રાપ્ત કર્યો હતો.

● આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી, આણંદમાં સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ શતાબ્દીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સમારંભના મુખ્ય મહેમાન તરીકે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હરીશ પાઢે સર્વને જીવનમાં વિવેક રાખવા ઉપર ભાર મૂક્યો હતો. સંસ્થાના પ્રમુખ શ્રી બિપનીચંદ્ર પી. પટેલે વિવેકાનંદના જીવન સૂત્ર 'ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ ન મળે ત્યાં સુધી મંડ્યા રહો' ની સર્વને અપીલ કરી હતી.

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ શતાબ્દી નિમિત્તે સંસ્થાના ૧૫૦ વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદનો પહેરવેશ પહેરી સર્વને સ્વામી વિવેકાનંદનો દિવ્ય સંદેશ આપ્યો હતો. ઉપરાંત સંસ્થાના વિદ્યાર્થીઓએ આણંદ શહેરના આઝાદ મેદાન, ટાવર બજાર, ચોપાટો, નહેરુ બાગ, ભગતસિંહ સ્ટેચ્યુ, બેઠક મંદિર, જલારામ મંદિર, જુના દાદર, બોરસદ ચોકડી, જેવા જુદા જુદા વિસ્તારોમાં રેલીનું આયોજન કરી સમાજમાં સ્વામી વિવેકાનંદનો સંદેશો પ્રસાર્યો હતો.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટિટ્યૂટ ઑફ બિઝનેસ સ્ટડીઝ ખાતે એન.એસ.એસ. અંતર્ગત તા. ૨૩-૧-૨૦૧૨ ના રોજ શ્રી સુભાષચંદ્ર બોઝની ૧૧૦મી જન્મજયંતિ ઉજવવામાં આવી. જેમાં મુખ્ય વક્તા તરીકે રાષ્ટ્રધર્મ પ્રચારક ધર્મેન્દ્ર પાઠકે શ્રી સુભાષચંદ્ર બોઝનાં જીવનચરિત્ર અને તેમની રાષ્ટ્રભાવનાની ઝાંખી આપી હતી.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એસ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનની પ્રશિક્ષણાર્થી બહેન કુ. રેશમા અજમેરી આણંદ એજ્યુકેશન કોલેજ દ્વારા આયોજિત વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાનો વિષય હતો ''વ્યવસાય કરતી મહિલા કુટુંબની ગુણવત્તા જાળવવા માટે સક્ષમ છે''. આ સ્પર્ધામાં સરદાર પટેલ યુનિવર્સિટીની બી.એડ્.ની કુલ ૧૨ કોલેજોએ ભાગ લીધો હતો.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશ્યલ વર્ક, આણંદના એન.એસ.એસ. અંતર્ગત તા. ૨૫ જાન્યુઆરી ૨૦૧૨, બુધવારના રોજ નેશનલ વોટર્સ ડે નિમિત્તે ચર્ચા સ્પર્ધા યોજાઇ હતી. વિદ્યાર્થીઓને મતદાનનું મહત્વ સમજાવી મતદાનનો દેશના વિકાસમાં રહેલ યોગદાન વિશે માહિતગાર કરી લોકશાહીને વધુ મજબૂત બનાવવાના હેતુથી આ આયોજન થયું હતું. ચર્ચા સ્પર્ધાનો વિષય હતો : ''મતદાન દ્વારા આજના ભારતમાં બદલાવ લાવી શકાય''. આ કાર્યક્રમમાં એન.એસ.એસ.ના ૧૬

વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

● સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ દ્વારા આયોજિત પોસ્ટર સ્પર્ધામાં માનવ અધિકાર પર પોસ્ટર તૈયાર કરીને આણંદ કોમર્સ કોલેજની વિદ્યાર્થીની ધરતી ભુપેન્દ્રભાઇ દરજી તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદમાં ચાલુ વર્ષે ચૂંટણીપંચે ૨૫મી જાન્યુઆરીને યુવામતદારનાં દિવસ તરીકે જાહેરાત કરેલ છે આ બાબતનાં અનુસંધાનમાં ''યુવા મતદારોની લોકશાહી દેશમાં ભૂમિકા'' વિષય પર એક કલાકના સમય દરમ્યાન સેમિનાર હોલ ખાતે નિબંધલેખન સ્પર્ધા એન.એસ.એસ. યુનિટ દ્વારા યોજવામાં આવી હતી. એન.એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનનાં પ્રા. એલ. એસ. બલાતે નિર્ણાયક તરીકે સેવા આપી હતી. તેમાં પ્રથમ ક્રમે એમ.કોમ.ની વિદ્યાર્થીની કુ. દર્શિતા પટેલ, દ્વિતીય ક્રમે બી.કોમ. (સેકન્ડ સેમેસ્ટર)માં અભ્યાસ કરતાં નિખિલ એન. જોષી અને તૃતીય ક્રમે એમ.કોમ.ની વિદ્યાર્થિની કુ. નિધિ રાજુ આવ્યા.

● એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજમાં તાજેતરમાં રવીન્દ્રનાથ ટાગોર આંતર કોલેજ વિજય પદ્મ ચર્ચા સ્પર્ધા યોજાઇ હતી. એમાં શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજની કુમારી પૂજા પી. ભાટીયાએ પ્રથમ ક્રમાંક મેળવી કોલેજ અને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં CWDCના નેજા હેઠળ તા. ૬-૧૨-૨૦૧૨ને સોમવારના રોજ બ્યૂટી કેર ઇન પર્સનાલિટી ડેવલપમેન્ટ કાર્યક્રમ યોજાયો હતો.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટીટ્યુટ ઑફ સોશ્યલ વર્ક ખાતે તાજેતરમાં જીન્સ ડે, સાડી ડે, એનવાયરમેન્ટ ડે તથા મ્યુઝીકલ ડે જેવા વિવિધ ડેઝની ઉજવણી કરવામાં આવી હતી.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લૉ કોલેજ, આણંદ દ્વારા લર્ન એન્ડ ફન ડેની ઉજવણી અંતર્ગત આણંદ લો કોલેજમાં તાજેતરમાં સર્જનાત્મક અભિવ્યક્તિને ખીલવવા માટે કોલેજના વિદ્યાર્થીઓ વચ્ચે ડીબેટ સ્પર્ધા સાથે સાથે સાડી દિવસ અને ટાઇ ડે, દેશભક્તિ ગીત સ્પર્ધા, ખાદી દિવસ અને ટ્રેડીશનલ ડેનું આયોજન થયું હતું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટિટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝ ખાતે વુમન સેલ અને સ્વર્ણિમ ગુજરાત કલા-કૌશલ્ય ધારા અંતર્ગત તાજેતરમાં મહેંદી સ્પર્ધા યોજાઇ ગઇ.

● ચારુતર વિદ્યામંડળ સંચાલિત બી.જે. વાણિજ્ય મહાવિદ્યાલયનો સંગીત સંધ્યાનો કાર્યક્રમ તાજેતરમાં યોજાઇ ગયો. જેમાં કોલેજના વિદ્યાર્થી ભાઇ-બહેનો દ્વારા સોલો પરફોર્મન્સ, ડાન્સ વગેરે રજૂ થયા હતા.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનના વુમન ડેવલપમેન્ટ સેલ (WDC) તથા ઑક્સફર્ડ ઇવેન્ટ અને પ્રોમોસ દ્વારા મહિલા વ્યક્તિત્વ નિખાર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં સ્વર્ણિમ ગુજરાત તથા યુવા સપ્તાહના સમાપન સમારોહ અંતર્ગત કોલેજમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો.

એમાં તાલીમાર્થીઓએ ભગવાનની સ્તુતિ, ગઝલ, નાટક, ગીત, નાટક, ડાન્સ, ગઝલ, સમાચાર, કવ્વાલી, દેશભક્તિ ગીત, તૌડા જેવી વિવિધ રજૂઆત કરી હતી.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજ, આણંદના સાંસ્કૃતિક વિભાગ દ્વારા તાજેતરમાં ટેલેન્ટ મોર્નીંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થી ભાઇ-બહેનોએ નોન-ફીલ્મી તેમજ ફિલ્મી ગીતો, અર્ધશાસ્ત્રીય તેમજ લોકપ્રિય નૃત્યો, મિમીક્રી રજૂ કરી હતી.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તાજેતરમાં સ્વર્ણિમ ગુજરાત તથા યુવા સપ્તાહ ઉજવણી અંતર્ગત યોજાયેલા વિવિધ કાર્યક્રમો/વિજેતાઓ

- ગઝલ સ્પર્ધા : પૂર્વી દલવાડી, હેમાંગિની પટેલ, તેજસ્વિની પટેલ
- ગણિત વિજ્ઞાન ક્વીઝ : પ્રથમ વિજેતા, ઇથેન ટીમ, મીનાક્ષી જેઠવા, જેનેટ ક્રિશ્ચિયન, ભારતી માછી
- દુલ્હન સ્પર્ધા : પ્રેક્ષા પટેલ, ભારતી પરમાર, જેનેટ ક્રિશ્ચિયન
- લગ્નગીત સ્પર્ધા : પ્રથમ વિજેતા, દ્વિતીય વિજેતા, આણંદ કોલેજ ઓફ એજ્યુકેશનની તાલીમાર્થી બહેનો

  તૃતીય વિજેતા : આણંદ એજ્યુકેશન કોલેજની તાલીમાર્થી બહેનો

### ●વાર્ષિક દિનની ઉજવણી

●- અનુસ્નાતક હિન્દી વિભાગ - ૨૧ માર્ચ ૨૦૧૨-અતિથિવિશેષ કનુ પટેલ- વાર્ષિક અહેવાલ અને પુરસ્કાર વિતરણ

●- અનુસ્નાતક ગુજરાતી વિભાગ - ૨૭ માર્ચ ૨૦૧૨ - સાંસ્કૃતિક કાર્યક્રમ અને પુરસ્કાર વિતરણ

●- એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન-અતિથિવિશેષ રાજેશભાઇ પટેલ, સિન્ડિકેટ સભ્ય અને હર્ષદભાઇ પટેલ, વાઇસ-ચેરમેન, નગર પ્રા. શિક્ષણ સમિતિ અમદાવાદ - વાર્ષિક અહેવાલ અને પુરસ્કાર વિતરણ

●- સી. પી. પટેલ કોમર્સ કોલેજ - ડૉ. સી.કે. પટેલ, ડાયરેક્ટર, બી.એન. પટેલ ઈન્સ્ટી. ઓફ પેરામેડિકલ એન્ડ સાયન્સ અને શ્રી ભીખુભાઇ પટેલ મેનેજીંગ ટ્રસ્ટી, સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ - વાર્ષિક અહેવાલ અને પુરસ્કાર વિતરણ

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદમાં તાજેતરમાં સ્ટુડન્ટ્સ કાઉન્સેલિંગ કાર્યક્રમનું આયોજ કરવામાં આવ્યું હતું.
- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજે એઈડ્સ જાગૃતિ અભિયાનનો આરંભ કર્યો છે. એના ભાગ રૂપે 'એઈડ્સ જાગૃતિ અભિયાન પુસ્તિકા' પ્રકાશિત કરીને કોલેજના વિદ્યાર્થીઓને આપવામાં આવી છે. એ પછી આ પુસ્તિકાને આધારે 'GK Test-2011-12'નું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં ૧૩૨ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એમાં ભાવિક જયસ્વાલ અને વિનય શર્મા પ્રથમ સ્થાને, ઊર્મિલા ચાવડા બીજા સ્થાને વિજેતા જાહેર થયા હતા. ત્રીજું સ્થાન મિતલ પરીખ, નંદિની પટેલ, અમીષ પરમાર, કેલ્વિન, શ્રેયા પટેલ, મોનિકા મકવાણા, જિજ્ઞા પટેલ, નિખીલ જોશીને પ્રાપ્ત થયું હતું.
- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં એક દિવસીય પ્રેઝન્ટેશન ડે યોજાયો હતો. સ્પર્ધામાં કુલ ૧૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો
- યુ.જી.સી. સ્પોન્સર્ડ નેટ કોચિંગ સેન્ટર ફોર એસ.સી./એસ.ટી., સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતે તારીખ ૩ મે, ૨૦૧૨ થી નેટ કોચિંગ ક્લાસનો પ્રારંભ થયો હતો. આ ક્લાસ તા. ૨૫-૫-૨૦૧૨ સુધી યોજાયા હતા. યુ.જી.સી.ની ગાઈડલાઈન મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે નેટની પરીક્ષાની ખાસ તાલીમ આપવામાં આવી હતી. આની સાથે સાથે ઓ.બી.સી. (અન્ય પછાત વર્ગો, લઘુમતીઓ) અને ઓપન કેટેગરીના તમામ વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે નેશનલ એલીજીબીલીટી ટેસ્ટની તૈયારી કરવા વિશિષ્ટ પ્રકારના અને વિષય નિષ્ણાત અધ્યાપકોની ટીમ દ્વારા કોચિંગ આપવામાં આવ્યું હતું.
- તાજેતરમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માન. મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ ગુજરાતના જાણીતા સમાજશાસ્ત્રી અને સરદાર પટેલ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના આસીસ્ટન્ટ પ્રોફેસર રમેશભાઈ હરદાસભાઈ મકવાણાને ડૉ. બાબાસાહેબ આંબેડકર એવોર્ડ પ્રશસ્તિપત્ર તથા રૂા. ૧ લાખને ચેક અર્પણ કર્યો હતો. એવોર્ડ સ્વીકારતા ડૉ. રમેશ મકવાણાએ જણાવ્યુ કે સૌ પ્રથમ તો સમાજકલ્યાણ ક્ષેત્રે કામ કરવાની પ્રેરણા અને ડૉ. આંબેડકરના જીવન અને કાર્યો પરથી મળી છે.
- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તા. ૨૮-૩-૧૨ને બુધવારના રોજ જેસીઆઈ, વિદ્યાનગરના ભૂતપૂર્વ પ્રેસીડેન્ટ ERશ્રી રાકેશભાઈ પટેલના મુખ્ય મહેમાન પદે કેરીયર કાઉન્સેલીંગ સેલ અંતર્ગત 'Passion for Excellence' વિષય પર પ્રવચન કાર્યક્રમ યોજાયો હતો.
- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તા. ૧૭-૪-૧૨ને બુધવારના રોજ ઉદિશા ક્લબના સંયુક્ત ઉપક્રમે ભરૂચ અદ્વૈત વિદ્યાનિકેતન શાળા તરફથી પ્લેસમેન્ટ સેલ દ્વારા શિક્ષક નિયુક્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.
- અનુસ્નાતક ગુજરાતી વિભાગના આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. જયેન્દ્ર એમ. પટેલ (શેખડીવાળા)એ કેરાલાની સ્ટેટ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રીસર્ચ એન્ડ ટ્રેનિંગ, તિરુ-અનંતપુરમ્‌ના ઉપક્રમે ગુજરાતી વિષયના આઠથી દશ ધોરણના પાઠ્ય પુસ્તકોના નવસંસ્કરણ કાર્યમાં પરામર્શક તરીકે સેવાઓ આપી હતી.

## જીમનેશિયમનો શિલારોપણવિધિ કાર્યક્રમ

સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા અદ્યતન સુવિધાયુક્ત વિવિધ ઉપયોગી જીમનેશિયમના શિલારોપણવિધિનો કાર્યક્રમ તાજેતરમાં બી.આર.ડી.સ્કૂલ ઓફ બાયોસાયન્સીસ, સરદાર પટેલ મેદાન વડતાલ રોડ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. આ જીમનેશિયમનું કુલબાંધકામ ૪૩૫૧૦ ચો.ફુટ છે. જેનો અંદાજીત ખર્ચ રૂા. ૫ કરોડ છે. આ જીમનેશિયમ આંતરરાષ્ટ્રિય સ્તરની ડીઝાઈન મુજબ તૈયાર કરવામાં આવશે. એમાં બાસ્કેટ બોલ, બેડ મિંગ્ટન અને ટેબલ ટેનિસ માટે અલગ અલગ કોર્ટ હશે. ૧૫૦૦ પ્રેક્ષકોની ક્ષમતા ધરાવતા આ જીમનેશિયમમાં ગ્રીન ડીઝાઈનને ધ્યાનમાં રાખીને અર્થ કુલીંગ ટેકનીકનો સમાવેશ થયેલો હશે. સ્પોર્ટ્સ કોર્ટ માટે "નીઓડેકસ" પી.યુ. સીન્થેટીક રબર અને "સનફ્લેક્સ" વુડન લેમિનેટેડ ફ્લોરીંગની સુવિધા સાથે હશે. વધુમાં ઈક્વીપમેન્ટ રૂમ, સ્ટોર રૂમ, ચેન્જીંગ રૂમની સુવિધા હશે. તેમજ પાર્કિંગની પણ સુવિધા રાખવામાં આવી છે. આ જીમનેશિયમની શિલારોપણવિધિ માનનીય શ્રી રમણલાલ વોરા, શિક્ષણ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય દ્વારા કરવામાં આવી તથા તેમાં અતિથિ વિશેષ તરીકે માનનીય શ્રી ઈશ્વરસિંહ પટેલ, રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, રમતગમત, યુવક-સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિ-સહકાર હાજર રહ્યા હતા.

## Guest Lectures

- **શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજ તથા આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન,** આણંદના ઉપક્રમે જીવન માટે દિશાનિર્દેશ વિષય પર મહાગુજરાત હોસ્પિટલ, નડીયાદના કાર્ડિયાક સર્જન ડૉ. અનિલ ઝાનું વ્યાખ્યાન યોજાયું

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લો કોલેજ લર્ન એન્ડ ફન લિંક અંતર્ગત જે.સી.આઇ મિલ્ક સીટી આણંદના ડૉ. નિરજ મોદી અને જેસી રાજેશ જોષીનું ઇન્ટરવ્યૂ ટેકનિક્સ, સીવી રાઇટીંગ એન્ડ બોડી લેંગ્વેજ પર વ્યાખ્યાન યોજાયું

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજ, સ્વ. ડૉ. ગોરધનભાઇ એસ. પટેલ (વકીલ સાહેબ) સ્મૃતિ વ્યાખ્યાનમાળા, વર્તમાન શિક્ષણની અર્થતંત્ર પર અસરો વિષય પર આઇઆઇએમ, અમદાવાદના પ્રા. ડૉ. એન.ટી. પટેલનું વ્યાખ્યાન યોજાયું

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજ, TET, TAT પરીક્ષા અંગે ડૉ. અશોક વ્યાસ (IET કોલેજ, સુરતના ડાયરેક્ટર)નું વ્યાખ્યાન યોજાયું

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લો કોલેજ લર્ન એન્ડ ફન લિંક અંતર્ગત જાગૃત મહિલા સંગઠનના પ્રમુખ શ્રીમતી આશાબહેન દલાલે જાતીય સતામણી અંગે વાર્તાલાપ આપ્યો

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં, ડૉ. મહેશભાઇ પટેલનો ‘અધ્યાપન કારકિર્દીમાં અસરકારકતા’ અંગે વાર્તાલાપ યોજાયો

### www.spuvvn.edu

યુનિવર્સિટીની વેબસાઈટ નવા રૂપરંગમાં નવેસરથી લોંચ કરવામાં આવી. આ વેબસાઈટનું ઉદ્‌ઘાટન તાજેતરમાં ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરાએ કર્યું.

## તાજેતરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા શૈક્ષણિક પ્રવાસો યોજાયા હતાઃ

જાન્યુઆરી ૨૦૧૨
સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત,
સી.પી. પટેલ કોમર્સ કોલેજ દ્વારા
આઇ.આઇ.એમ. અમદાવાદ તેમજ
સાબરમતી આશ્રમની મુલાકાત લેવામાં આવી

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત, સેમકોમ કોલેજ દ્વારા
કંડલા બંદર ખાતે ૧૨ જેટીઓની મુલાકાત
ચાઇનીઝ માલવાહક જહાજની મુલાકાત
મુંદ્રા બંદર મુલાકાત લેવામાં આવી

૮ ફેબ્રુઆરી ૨૦૧૨
શ્રી રામકૃષ્ણ સેવામંડળ, સંચાલિત, આણંદ એજ્યુકેશન
કોલેજ દ્વારા અડાલજ વાવ તેમજ
અક્ષરધામ, ગાંધીનગર મુલાકાત લેવામાં આવી

## મને ગમતું પુસ્તક – સમીક્ષા

જાન્યુઆરી ૨૦૧૨
શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત,
આણંદ એજ્યુકેશન કોલેજ
મને ગમતું પુસ્તક અંગે ડૉ. શીલાબહેન વ્યાસ,
આર્ટસ કોલેજ બોરસદનો વાર્તાલાપ યોજાયો

૪ ફેબ્રુઆરી ૨૦૧૨
શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત,
આણંદ એજ્યુકેશન કોલેજ
મને ગમતું પુસ્તક અંગે વિદ્યાર્થીઓના વાર્તાલાપ
યોજાયા એમાં પૂજા ભાટીયા, શબનમ દિવાન
વૈશાલી સોલંકી પ્રથમ, દ્વિતીય, તૃતીય વિજેતા તરીકે
જાહેર કરવામાં આવ્યા

## સંસ્થાની મુલાકાતે પધાર્યા

૧ માર્ચ ૨૦૧૨
પ્રો. ડૉ. મારીયો રટન, એશિયા પેસેફિક ઇન્ટરનેશનલ,
આમ્સટર્ડમ યુનિવર્સિટીના ડાયરેક્ટર તથા
સેનદરીન વર્સતાપે,
રીસર્ચ સ્ટુડન્ટ શ્રી આઇ.જે. પટેલ બી.એડ કોલેજની
મુલાકાતે આવ્યા. એમણે વિદેશ ગમન માટે
ઉત્સુક વિદ્યાર્થીઓ સમક્ષ પડકારો અંગે વાર્તાલાપ આપ્યો.

# Governance

### યુનિવર્સિટી ખાતે નવી નિમણૂંક

ડેપ્યુટી રજિસ્ટ્રાર - શ્રી નિલેશકુમાર મોહનલાલ પટેલ

ડેપ્યુટી રજિસ્ટ્રાર - ડૉ. મનીષ વ્રજલાલ ધામેચા

સ્ટેટીસ્ટીશ્યન - શ્રી અતુલકુમાર વિઠ્ઠલભાઈ પટેલ

### અનુસ્નાતક વિભાગોના નવા અધ્યક્ષોની નિમણૂંક

- અનુ. ગુજરાતી વિભાગ - પ્રો. પિનાકિની પંડ્યા
- અનુ. શિક્ષણશાસ્ત્ર વિભાગ - પ્રો. પલ્લવીબહેન પટેલ
- અનુ. હોમસાયન્સ વિભાગ - પ્રો. વિનાયક પટેલ
- અનુ. આંકડાશાસ્ત્ર વિભાગ - પ્રો. પ્રફુલ્લ એ. પટેલ
- અનુ. મટીરિયલ્સ સાયન્સ વિભાગ - પ્રો. એસ. મનોચા
- અનુ. મનોવિજ્ઞાન વિભાગ - પ્રો. સમીર પટેલ
- અનુસ્નાતક સંસ્કૃત વિભાગ - ડૉ. નિરંજન પટેલ

### સંલગ્ન કોલેજો ખાતે – આચાર્યની નિમણૂંક

૧. આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી સંચાલિત શ્રી પી.એમ. પટેલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન, આણંદ
 - ડૉ. ભાવેન્દ્ર શરદ જૈન

૨. સરદાર પટેલ અજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એફ. એચ. શાહ ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આણંદ
 - ડૉ. ગોપાલકૃષ્ણ વિષ્ણુરામ

૩. આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી સંચાલિત શ્રી જે. એમ. પટેલ પી.જી. સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઈન હ્યુમેનીટીઝ, આણંદ
 - ડૉ. હમીર પરબતભાઈ મકવાણા

૪. આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી સંચાલિત શ્રી જે. એમ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ
 - ડૉ. વિપુલભાઈ એમ. શ્રીમાળી

### નવું નામકરણ

ક્રિશ્ચિયન કોલેજ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ આવતા સત્રથી ઓળખાશે - સેન્ટ સ્ટીફન ઈન્સ્ટીટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ ટેક્નોલોજી

## UGC-ACADEMIC STAFF COLLEGE

Schedule of Orientation Programme, Refresher Course, Short Term Programme, Interaction Programme, Capability Enhancement Programme For Academic Year 2012-13

| | |
|---|---|
| **Orientation Programme** | |
| 15th Orientation Programme | 02-04-12 to 29-05-12 |
| 16th Orientation Programme | 19-04-12 to 16-05-12 |
| 17th Orientation Programme | 17-04-12 to 13-05-12 |
| **Refresher Course** | |
| 10th RC in Commerce and Mngt. | 24-05-12 to 13-06-12 |
| 11th RC in Agricultural Science | 14-06-12 to 03-07-12 |
| 12th RC in Mathematical Sci. (MD) | 19-11-12 to 09-12-12 |
| 13th RC in Lib. & information Sci. | 19-11-12 to 09-12-12 |
| 14th RC in Language Education (ID) | 19-11-12 to 09-12-12 |
| 15th RC in Comparative Ligerature | 19-11-12 to 09-12-12 |
| 16th RC in Research Methodology (MD) | 17-12-12 to 06-01-13 |
| 17th RC in Educational Technology | 16-01-13 to 05-02-13 |
| 18th RC Natural Science (MD) | 06-02-13 to 26-02-13 |
| 19th RC Social Science (MD) | 27-02-13 to 19-03-13 |
| 20th RC Engineering & Tech. (MD) | 20-03-13 to 09-04-13 |
| **Short Term** | |
| Translation Studies | 04-07-12 to 09-07-12 |
| Writing Skill & Comprehension | 20-08-12 to 25-08-12 |
| Principal/Aca. Admin | 10-09-12 to 15-09-12 |
| Disaster Management | 01-10-12 to 06-10-12 |
| **Capability Enhancement Programme** | |
| Capacity Enhancement Programme | 03-09-12 to 05-09-12 |
| **Interaction Programme** | |
| Interaction Programme | 14-10-12 to 19-10-12 |

## Ten words that mean a lot...

| | | |
|---|---|---|
| The Most Selfish 1 Letter World | "I" | Avoid it. |
| The Most Satisfying 2 Letter World | "We" | Use it. |
| The Most Poisonous 3 Letter World | "EGO" | Overcome it. |
| The Most Used 4 Letter Word | "LOVE" | Value it. |
| The Most Pleasing 5 Letter World | "SMILE" | Keep it. |
| The Most Fastest Spreading 6 Letter World | "RUMOUR" | Ignore it. |
| The Most Hardest Working 7 Letter World | "SUCCESS" | Achieve it. |
| The Most Enviable 8 Letter World | "JEALOUSY" | Distance Yourself from it. |
| The Most Powerful 9 Letter World | "KNOWLEDGE" | Acquire it. |
| The Most Valued 10 Letter World | "FRIENDSHIP" | Maintain it. |

**Z A Sepoy**
(Source : Internet - E-mail)

## મારે ફરી એકવાર શાળાએ જવું છે

મારે ફરી એકવાર શાળાએ જવું છે. દોડતાં જઈને મારી રોજની બાંકડીએ બેસવું છે, રોજ સવારે ઊંચા અવાજે રાષ્ટ્રગીત ગાવું છે. નવી નોટની સુગંધ લેતાં પહેલા પાને, સુંદર અક્ષરે મારું નામ લખવું છે. મારે ફરી એકવાર શાળાએ જવું છે.

રીસેસ પડતાં જ વોટર બેગ ફેંકી, નળ નીચે હાથ ધરી પાણી પીવું છે. જેમ તેમ લંચબોક્સ પૂરું કરી... મરચું મીઠું ભભરાવેલ, આમલી-બોર-જમરૂખ-કાકડી બધું ખાવું છે. સાઈકલના પૈડાની સ્ટમ્પ બનાવી ક્રિકેટ રમવું છે, કાલે વરસાદ પડે તો નિશાળે રજા પડી જાય, એવાં વિચારો કરતાં રાતે સુઈ જવું છે, અનપેક્ષિત રજાના આનંદ માટે... મારે ફરી એકવાર શાળાએ જવું છે.

છૂટવાનો ઘંટ વાગવાની રાહ જોતાં, મિત્રો સાથે ગપ્પાં મારતાં વર્ગમાં બેસવું છે, ઘંટ વાગતાં જ મિત્રોનું કુંડાળુ કરીને, સાઈકલની રેસ લગાવતાં ઘેર જવું છે. રમત ગમતના પીરિયડમાં તારની વાડમાંના બે તાર વચ્ચેથી સરકી બહાર ભાગી જવું છે. તો ભાગી જવાની મોજ અનુભવતા... મારે ફરી એકવાર શાળાએ જવું છે.

દિવાળીના વેકેશનની રાહ જોતાં, છ માસિક પરિક્ષાનો અભ્યાસ કરવો છે. દિવસભર કિલ્લો બાંધીને માટીને પગથી તોડી, હાથ ધોયા વિના ફરાળની થાળી પર બેસવું છે. રાતે ઝાઝા બધા ફટાકડા ફોડ્યા પછી, તેમાંથી ન ફૂટેલા ફટાકડા શોધતાં ફરવું છે. વેકેશન પત્યા પછી બધી ગમ્મતો દોસ્તોને કહેવા... મારે ફરી એકવાર શાળાએ જવું છે.

કેટલીય જવાબદારીઓના બોજ કરતા, પીઠ પર દફતરનો બોજ વગાડવો છે, ગમે તેવી ગરમીમાં એરકંડીશન્ડ ઓફીસ કરતાં, પંખા વીનાના વર્ગમાં પારી ખોલીને બેસવું છે. કેટલીયે તૂટફૂટ વચ્ચે ઓફિસની આરામદાયક ખુરશી કરતાં, બેની બાંકડી પર ત્રણ દોસ્તોએ બેસવું છે. બચપણ પ્રભુની દેણ છે તુકારમના એ અભંગ અર્થ હવે થોડો સમજમાં આવવા માંડ્યો છે. એ બરાબર છે કે નહી તે સાહેબને પુછવા માટે મારે ફરી એકવાર શાળાએ જવું છે.

નાનો હતો ત્યારે જલ્દી મોટા થવું હતું... આજે જ્યારે મોટો થયો કે ‘‘તૂટેલા સ્વપ્નો’’ અને ‘‘અધુરી લાગણીઓ’’ કરતાં ‘‘તૂટેલાં રમકડાં’’ અને ‘‘અધૂરા હોમવર્ક’’ સારા હતા. આજે સમજાય છે કે જ્યારે ‘‘બોસ’’ ખીજાય એના કરતા શાળામાં શિક્ષક ‘‘અંગુઠા’’ પકડાવતા હતા એ સારું હતું. આજે ખબર પડી કે ૧૦-૧૦ રૂપિયા ભેગા કરીને જે નાસ્તાનો આનંદ આવતો હતો એ આજે ‘‘પીઝા’’માં નથી આવતો. ફક્ત મારે જ નહી આપણે બધાને ફરી સ્કૂલે જવું છે.

- ઝેડ. એ. સિપોય (પી.એ. ટુ વી.સી.)
ઈન્ટરનેટ પરથી

# Sarangi Instrumental Live in Concert

A series of Sarangi Instrumental Live Concerts was organised under the auspices of Sardar Patel University and Anand Chapter, SPIC MACAY on 26, 27 and 28 February, 2012 at IRMA Auditorium, Anand, M P Patel Auditorium of S P University and MBICT Women's Engineering College, New Vallabh Vidyanagar respectively. The artistes who performed at these concerts were Shri Kamal Sabri, the sarangi maestro and Shri Nakul Mishra, the renowned tabla player. They performed at MP Patel Auditorium, Sardar Patel University, Vallabh Vidyanagar on 27 February, 2012.

In the beginning, Prof. Ranjana Dave, Gujarat State Coordinator, SPIC MACAY welcomed the artistes as well as the audience on behalf of Sardar Patel University and SPIC MACAY. She also introduced both the artistes to the audience. This was followed by the floral welcome and felicitation of the artistes in which Dr Harish Padh, the Hon'ble Vice-Chancellor of the university felicitated Shri Kamal Sabri with the bouquet and the memento and Prof. Ranjana Dave presented the bouquet and the memento to Shri Nakul Mishra.

Shri Kamal Sabri began his performance by expressing his deep sense of gratitude to S P University and SPIC MACA Y for giving him the opportunity to perform before the young audience by arranging this series of concerts. He started with rendering the raag Maru behag, first in vi/ambit laya and gradually switching over to madhya and drut laya. Then he played the raag Basant and Desh. He also sang a kajri, showing his mastery in *gaayaki* as well, and reproduced it on his sarangi. He concluded his performance with a medley based on folk tunes and film songs. Shri Nakul Mishra accompanied the sarangi instrumental with his equally powerful tabla playing that enhanced the charming impact of this jugalbandi.

Towards the end of this concert, there was a brief question-answer session where the audience had the opportunity to interact with these artistes. Some of the listeners asked questions regarding the history of sarangi as an Indian classical instrument and its various types. Shri Kamal Sabri gave a useful wealth of information on this in his talk. He also emphasised the need to protect and promote the precious heritage of Indian classical music through the active participation of young generation. He complemented Sardar Patel University and SPIC MACAY for their attempts and contribution towards this aim. At the end, Manish Solanki, Asst. Professor of Department of English, proposed the vote of thanks appreciating the collaborative attempt of everyone involved in organising this music concert. Dr Vibha Vaishnav, Associate Professor of Department of Electronics, and Shri N K Bhatt, I/c Chief Accountant of the University lent their invaluable co-operation and guidance during this entire event. The students-volunteers of Department of English offered their help and assistance to ensure the success of this programme. Ms. Deepika Kevlani and Mr. Utpal Ganatra, the research students of Department of English, compered the function.






# તાજેતરમાં યોજાયેલ રમત ગમત સ્પર્ધાઓ

| સંસ્થા | કાર્યક્રમ | વિશેષ ઉપસ્થિતિ / વિજેતાઓ |
|---|---|---|
| શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લૉ કોલેજ તથા આણંદ ઇન્સ્ટીટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝ, આણંદ | પ્રાણિક હીલીંગ કાર્યશિબિર | શ્રી અરવિન્દ ભીલારે<br>કુ. શુભલક્ષ્મી ભીલારે<br>સંચાલન : ધન્યાશ્રી નાયર<br>કો.ઓર્ડિનેટર : રેણુ વર્મા |
| શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજ, એન.એસ.એસ. યુનિટ | પ્રોમિસ પરેડ | પ્રો. આઇ. એન. ટંડેલ<br>૧૩, બટાલીયન એનસીસી ગ્રુપ મેજર,<br>બીજેવીએમ, એસો. પ્રોફે.<br>પ્રિ. ડૉ. વી.એમ. વનાર<br>આચાર્ય, આઇ.વી. પટેલ કોમર્સ કોલેજ, નડિયાદ<br>પ્રિ. આર.પી. પટેલ આચાર્ય<br>ઇનચાર્જ: પ્રો. કે.વી. સોલંકી |
| સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, સી.પી. પટેલ કોમર્સ કોલેજ, આણંદ | દસ દિવસનો કરાટે બેઝીક કેમ્પ | ડૉ. નુસરત કાદરી,<br>આચાર્ય શ્રી, આઇ.જે. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન,<br>અરવિન્દભાઇ રાણા<br>ટેકનિકલ ડિરેક્ટર, વાડોકાઇ કરાટે એકેડેમી, ગુજરાત રાજ્ય<br>સંચાલન : ક્રિશ્નાબહેન પટેલ |
| સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, સી.પી. પટેલ કોમર્સ કોલેજ, આણંદ | આણંદ ઇન્સ્ટી. ઑફ રુરલ મેનેજમેન્ટ યોજિત આણંદ રન ૨૦૧૨ લોંગ રન ૧૩ કિ.મી. દોડ ૫.૨ કિ.મી. શોર્ટ રન મેરેથોન | વિષ્ણુ ચૌહાણ - ટી.વાય.બી.કોમ.<br>આશ્રુતિ પટેલ - એફ.વાય.બી.કોમ.<br>બન્ને પ્રથમ ક્રમે વિજેતા રૂા. ૪૦૦૦/-નું<br>બન્નેને વ્યક્તિગત ઇનામ.<br>હરસિદ્ધિ પઢિયાર - દ્વિતીય વિજેતા<br>રૂા.૨૦૦૦/-નું વ્યક્તિગત ઇનામ<br>હિતેન્દ્ર ગઢવી - પાંચમાં ક્રમે વિજેતા |
| સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, સી. પી. પટેલ કોમર્સ કોલેજ, આણંદ | વલ્લભ વિદ્યાનગર નેચર કલબ આયોજિત ચરોતર - મેરેથોન ૨૦૧૨ | વિષ્ણુ ચૌહાણ - પ્રથમ વિજેતા<br>રૂા.૧૦,૦૦૦/- નો પુરસ્કાર,<br>હિતેન્દ્ર ગઢવી - દ્વિતીય વિજેતા<br>રૂા. ૫,૦૦૦/- નો પુરસ્કાર |
| સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, આણંદ | સ્પોર્ટસ્ ડે | ૧૦૦ મીટર દોડ વિજેતાઓ : સુનિતા,<br>આશા, મેઘના, વિરલ, સંજય, વિજય<br>કોથળા દોડ : ફાલ્ગુની, અર્પિતા,<br>નિમીષા, વિરલ, જયેશ, રશીદ<br>લાંબી કૂદ : વિરલ, મહેશ, જયેશ<br>ડબ્બા ફોડ : રચના, મિત્તલ, પાયલ<br>ચેમ્પિયન ઑફ ધ ઈવેન્ટ :<br>વિરલ ડી. મછાર અને આશા વાળંદ |
| શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટી. ઑફ બિઝનેસ સ્ટડીઝ, આણંદ | સ્પોર્ટ્સ ડે | આનંદીબેન ગાભાવાલા : યોગ પ્રાણાયામ નિદર્શન,<br>ગોળાફેંક, કોથળા કૂદ, ૧૦૦-૨૦૦-૪૦૦<br>મીટર દોડ, લાંબી કૂદ, ચક્ર ફેંક ,<br>રસ્સી ખેંચ, ક્રિકેટ<br>સંચાલન : પ્રા. મનીષ સોલંકી, ફિઝીકલ ઇન્સ્ટ્રક્ટર |

## વિવિધ સંસ્થાઓમાં તાજેતરમાં યોજાયેલા આરોગ્યને લગતા કાર્યક્રમો

| | | | |
|---|---|---|---|
| સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ કોમર્સ કોલેજ, આણંદ | હેલ્થ ટોક : લાઇફ સ્ટાઇલ ડિસીઝીઝ | ડૉ. અતીત કાંટાવાલા - મુખ્ય વક્તા સંચાલન : પ્રા. અર્પિતા અરોરા | ૭ ફેબ્રુઆરી |
| તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, બાકરોલ | એચઆઇવી એઇડ્સ સભાનતા, રક્તદાન માટે રેલી પરિસંવાદ પ્રદર્શન | ડૉ. મનીષા ગોહિલ કોમ્યુનિટી મેડિસીન ડિપાર્ટમેન્ટ, પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ, કરમસદ ડૉ. હેતલ શાહ, શ્રી પંકજભાઇ લિમ્બાચીયા | ૬ માર્ચ |
| શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજ | રક્તદાન કાર્યક્રમ | શ્રી પંકજભાઇ લિમ્બાચીયા, બ્લડ બેંક, કરમસદ | જાન્યુઆરી |
| ક્રિશ્ચિયન કોલેજ ઑફ એજ્યુકેશન અને ક્રિશ્ચિયન કોલેજ ઑફ મેનેજમેન્ટ સ્ટડીઝ, આણંદ | વાર્તાલાપ : ધ ઇમ્પોર્ટન્સ એન્ડ નીડ ઑફ બ્લડ ડોનેશન એન્ડ થેલેસેમિયા ચેકઅપ અને રક્તદાન કેમ્પ ૪૦ બોટલ રક્ત એકત્ર થયું. ૨૫ વિદ્યાર્થીઓનું થેલેસેમિયા પરીક્ષણ | શ્રી ઉપેન્દ્રભાઇ ભોઇ, કાઉન્સિલર, ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, આણંદ | ૨૮ ફેબ્રુઆરી |
| સરદાર પટેલ યુનિવર્સિટીની અંગભૂત એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, એન.એસ.એસ. યુનિટ | ચર્ચા, સ્લાઇડ શો, વિષય : એઇડ્સ-યુવાનોના જીવન સામે ખતરો રેડ રીબિન ક્લબ, પરિચય | ડૉ. પ્રદીપ વૈદ્ય, શ્રીકૃષ્ણ હોસ્પિટલ, કરમસદ | ૧ માર્ચ |
| સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ કોમર્સ કોલેજ, આણંદ એન.એસ.એસ. યુનિટ | એચ.આઇ.વી. અને એઇડ્સ અંગે વાર્તાલાપ પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા | રાધિકાબેન પટેલ સોનાલી શ્રોફ, કમલેશ મેકવાન | તાજેતરમાં |
| સરદાર પટેલ યુનિ.ની અંગભૂત એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, એન.એસ.એસ. યુનિટ | - એઇડ્સ જાગૃતિ અભિયાન<br>- એઇડ્સ મનોવૈજ્ઞાનિક પાસાંઓ<br>- એઇડ્સ મહાબીમારીના સામાજિક, કૌટુંબિક પાસાં એઇડ્સ પ્રાથમિક જાણકારી | - ડૉ. પ્રદીપ વૈદ્ય<br>- ડૉ. અલકા મેકવાન<br>- ડૉ. નીપા ભરુચા<br>- પ્રા. દીપાલી મહિડા<br>- ડૉ. સુધીરભાઇ પંચાલ | ૧ થી ૬ માર્ચ |

### એક અપીલ...

**શીલ શ્રુતમ્** આપણા સૌનું છે. એમાં આપણે સૌ જરૂર સહયોગ કરીએ. પોતાની કોલેજ, અનુસ્નાતક વિભાગ, કેમ્પસમાં યોજાતા વ્યાખ્યાનો, પરિસંવાદ ઇત્યાદિ જેવી નોંધપાત્ર ઘટનાઓ, કેમ્પસ પરિવારમાં જોડાતા નવા સભ્યો, વિદાય લેતા પરિવારજનો અંગે જાણકારી જરૂર મોકલો...

**સંપર્ક સૂત્ર : પરમ પાઠક**, અનુસ્નાતક ગુજરાતી વિભાગ, માનવવિદ્યા ભવન, સરદાર પટેલ યુનિવર્સિટી, વ.વિ. નગર

## ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને આણંદ ઈન્સ્ટિટ્યૂટ ઑફ પીજી સ્ટડીઝ ઈન આર્ટ્સના સંયુક્ત આશ્રયે આયોજિત પરિસંવાદ – ફિલ્મઃ સાહિત્યકળા સ્વરૂપેનો સમગ્રદર્શી સંક્ષિપ્ત અહેવાલ

શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટિટ્યૂટ ઑફ પીજી સ્ટડીઝ ઈન આર્ટ્સના ગુજરાતી વિભાગને આશ્રયે, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી 'ફિલ્મ-સાહિત્યકલા સ્વરૂપ' વિશેનો પરિસંવાદ સંસ્થાના ભાઈકાકા હોલ ખાતે તાજેતરમાં યોજાયો હતો. સેવામંડળના માનદ્મંત્રી શ્રીમતી જ્યોત્સનાબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ ઉદ્ઘાટનબેઠકમાં ગુજરાતી ફિલ્મોના જાણીતા અભિનેતા-દિગ્દર્શક-નિર્માણ-પટકથા લેખક શ્રી ઉપેન્દ્ર ત્રિવેદીએ મુખ્ય અતિથિપદેથી ઉદ્બોધન કરતાં, જણાવ્યું કે - 'ફિલ્મો જોવાથી યુવાનો બગડી જાય છે, ફિલ્મો સમય પસાર કરવાનું મનોરંજનનું સાધન છે એવું લોકમાનસ હતું - પરંતુ ફિલ્મો મનરંજન ઉપરાંત વિશેષ તો પ્રજાનું સંસ્કાર ઘડતર કરે છે. ભ્રમણાઓ દૂર કરી, જીવન પ્રત્યેની સભાનતા પેદા કરે છે. ગુજરાતી પ્રજા વેપારી છે તો કલાની આરાધક-ચાહક પણ છે. કલાકાર હથોડા-ટાંકણાથી ઈષ્ટપૂર્વક પથ્થર પરનું વધારાનું આવરણ દૂર કરતા મૂર્તિ રચાય છે ત્યારે એ સર્જનનો-અભિવ્યક્તિનો આનંદ અવર્ણનીય હોય છે. પાણીમાં પડ્યા પછી જ તરતાં શીખાય, એમ સ્વાનુભવ વગર સ્વાનુભૂતિ શક્ય ન બને.

અધ્યક્ષ સ્થાનેથી શ્રીમતિ જ્યોત્સનાબેન પટેલે પરિસંવાદને શુભેચ્છા પાઠવતાં કહ્યું કે - ''ફિલ્મકલા એ સર્વકલાઓની સમન્વય-સમુચ્ચય કલા હોવાથી તેમાં આર્ટ્સ-સાયન્સ-ટેક્નોલોજીનો ત્રિવેણી સંગમ થાય છે. ફિલ્મ મનોરંજન તેમજ વિવિધ પાત્ર- પ્રસંગો દ્વારા પ્રજાજીવનમાં ખુમારી, ખાનદાની, ટેક શૌર્ય, શહાદત, ત્યાગ, પ્રેમ, ભક્તિ, સમર્પણ, સદાચાર જેવા અનેક માનવીય ગુણોને મૂલ્યોને ઉજાગર કરી વ્યક્તિ અને સમાજનું ઘડતર કરે છે.'' પ્રાસંગિક વક્તવ્યમાં સ.પ. યુનિવર્સિટીના અનુસ્નાતક ગુજરાતી વિભાગાધ્યક્ષ ડૉ. પીનાકિની પંડ્યાએ કહ્યું કે ''સાહિત્ય એક વ્યક્તિની પણ ફિલ્મ અનેક વ્યક્તિઓની સહિયારી સર્જનાત્મકકલા હોવાથી અઘરીકલા છે. સાહિત્યનું વિસ્તરણ રૂપકલા પડદાના માધ્યમથી દશ્ય-શ્રાવ્ય સંયોજન થકી કથાભિવ્યક્તિ કરે છે. કલાના અભ્યાસથી કલા વિશેની સમજ કેળવાય છે - સ્પષ્ટ થાય છે.

કાર્યક્રમને પ્રારંભે સંસ્થાના માનદ્ નિયામકશ્રી ડૉ. આર.પી. પટેલે સ્વાગત કર્યું હતું. પરિસંવાદની ભૂમિકા સંદર્ભે એમણે કહ્યું કે 'ફિલ્મ વિશેનો આ પરિસંવાદ એમ.એ. સાહિત્યના વિદ્યાર્થીઓને અનેક રીતે ઉપકારક નીવડશે કારણ કે સાહિત્ય અને કલા વચ્ચેનો આંતરસંબંધ પરસ્પર પૂરક-પ્રેરક-પોષક છે. એટલે કહી શકાય કે સાહિત્ય એ કાગળ પર લખાયેલી ફિલ્મ છે, તો કેમેરાથી કંડારાયેલું સાહિત્ય છે. કોઈપણ કલાકારના આંતર વ્યક્તિત્વ ખીલવવા માટે સાહિત્ય પ્રત્યેની નિષ્ઠા અને નિસ્બત પ્રાથમિક જરૂરિયાત કે શરત બને છે.'

પરિસંવાદની અન્ય બેઠકનાં વ્યક્તવ્યોમાં શ્રી ઉપેન્દ્ર ત્રિવેદીએ 'પટકથા-સંવાદ અને દિગ્દર્શન સંદર્ભે ફિલ્મ 'ફિલ્મ' વિશે; અભિજિત વ્યાસે 'ફિલ્મ-સંજ્ઞા અને પરિભાષાની સમજ 'વિશે; સુભાષ શાહે 'વિશ્વસંદર્ભે ફિલ્મો' વિશે; બકુલ ટેલરે 'સાહિત્યકૃતિઓ આધારિત રૂપાંતરિત ફિલ્મોની પ્રક્રિયા' વિશે; ડૉ. ભરત મહેતાએ 'સાહિત્ય અને ફિલ્મોનો વસ્તુગત અભ્યાસ' વિશે; કનુ પટેલે 'ફિલ્મઃ નિરૂપણગત અભ્યાસ' અને ડૉ. ગુણવંત શાહે 'ફિલ્મોમાં ગીતોનો વિનિયોગ' વિશે મનનીય વ્યક્તવ્યો આપ્યાં. આ પ્રસંગે પાવર પ્રેઝન્ટેશન દ્વાર 'મિર્ચ મસાલા' અને 'કાશીનો દીકરો' નામની ગુજરાતી ફિલ્મોનો આસ્વાદ પણ કરાવાયો.

પૂર્ણાહુતિ બેઠકમાં ઉપસ્થિત શ્રોતાગણમાંથી અધ્યાપકોએ પ્રતિભાવો આપી પ્રસન્નતા વ્યક્ત કરી. ડૉ. જયેન્દ્ર શેખડીવાળાએ ફિલ્મ કથા નિર્માણ સંદર્ભે પ્રયોગિક નિદર્શન કર્યું. પરિસંવાદના આયોજનમાં ચિત્રકલાકાર કનુ પટેલ અને કવિ જયેન્દ્ર શેખડીવાળાઓનો મહત્વનો ફાળો રહ્યો. સમસ્ત ગુજરાતમાંથી આવેલ સાહિત્ય-કલા-શિક્ષણ-ફિલ્મ પત્રકારત્વ સાથે સંકળાયેલા મહાનુભાવોની તથા વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીથી પરિસંવાદ ફળદાયી બની રહ્યો. કાર્યક્રમને અંતે ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. કપિલા શેખડીવાળાએ આભારદર્શન કર્યું. કાર્યક્રમનું સંચાલન ડૉ. હરિશ પારેખ દ્વારા કરવામાં આવ્યું.

# સમાચારોમાં આપણી યુનિવર્સિટી

* વિદ્યાનગરમાં સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા સર્વધર્મ મેળો યોજાયો (સરદાર ગુર્જરી, ૧/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટની ચૂંટણીમાં ૧૬ ફોર્મ ભરાયાઃ ૩ રદ થયા (નયા પડકાર, ૨/૨ /૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટની ચાર બેઠકો પરની ચૂંટણી દશ ઉમેદવારો વચ્ચે જામશે ખરાખરીનો જંગ (સરદાર ગુર્જરી, ૩/૨ /૧૨)
* આંતર યુનિવર્સિટી કર્મચારી ક્રિકેટ ટુર્નામેન્ટમાં સરદાર પટેલ યુનિવર્સિટીનો ભવ્ય વિજય (સરદાર ગુર્જરી, ૫/૨ /૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ ચૂંટણી રસાકસીભરી રહેશે (સંદેશ, ૮/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીની ફેકલ્ટી ટીચર્સની ચૂંટણીમાં પાંચ ફેકલ્ટી બિન હરીફ, પાંચ વચ્ચે જામશે ખરાખરીનો જંગ (સરદાર ગુર્જરી, ૮/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીમાં સેનેટ સભ્યની ચૂંટણી માટે પૂર ઝડપે પ્રચાર (ગુજરાત સમાચાર, ૭/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીના બાયોસાયન્સના હેડ વિરૂદ્ધ સમગ્ર ડિપાર્ટમેન્ટ સત્તાધીશોની તેરી ભી ચૂપ, મેરી ભી ચૂપ (સરદાર ગુર્જરી, ૯/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે રાજ્ય મંત્રી જીતેન્દ્ર સુખડીયાએ ગુજરાતી ડાયસ્પોરા એન્ડ ઇમ્પેકટ ઓફ ડાયસ્પોરા વિષય અંગેનો બે દિવસીય આંતરરાષ્ટ્રિય સેમિનાર .....

  એન. આર. જી. તથા એન. આર. આઇ. લોકો માટે ગુજરાતે મેડીકલ ટુરીઝમ શ્રેષ્ઠ વિકલ્પ પુરો પાડયો છે. જીતેન્દ્ર સુખડીયા (સરદાર ગુર્જરી, ૧૦/૨/૧૨)
* સરદાર યુનિવર્સિટી સંલગ્ન લાયબ્રેરી સાયન્સ ડિપાર્ટમેન્ટમાં પીએચ.ડી.ની પ્રક્રિયામાં સગાવાદને ઉત્તેજન અપાતુ હોવાના વિદ્યાર્થીઓના આક્ષેપથી ચકચાર (સરદાર ગુર્જરી, ૧૪/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટની આજે ચૂંટણી : ૪ બેઠકો પરથી ૧૦ ઉમેદવારોનું ભાવિ નકકી થશે (સરદાર ગુર્જરી, ૧૪/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટી કેમ્પસમાં સેનેટ પાંચ પૈકી ચાર સીટોની ચૂંટણી યોજાઇ, એક સીટ બિન હરીફ (ગુજરાત સમાચાર, ૧૫/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીની ચૂંટણી રસાકસીભરી બની (સરદાર ગુર્જરી, ૧૫/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટની ચૂંટણીમાં ૧૧% મતદાન થયું (સંદેશ, ૧૫/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટમાં કેસરિયો લહેરાયો (દિવ્ય ભાસ્કર, ૧૫/૨/૧૨)
* હે ભગવાન ! ૫૪ શિક્ષકોએ લોચા માર્યા...
* સરદાર પટેલ યુનિવર્સિટીમાં સેનેટની સાત બેઠક માટે આજે ચૂંટણી યોજાઇ, ૫૪ મત રદ કરાયા (દિવ્ય ભાસ્કર, ૧૮/૨/૧૨)

  સરદાર પટેલ યુનિવર્સિટીની ફેકલ્ટી ટીચર્સ તથા સેકન્ડરી ટીચર્સની ચૂંટણી રસાકસીભરી બની (સરદાર ગુર્જરી, ૧૮/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીની ફેકલ્ટી ચૂંટણીને કારણે પરીક્ષા પાછી ઠેલાઇ (સરદાર ગુર્જરી, ૧૮/૨/૧૨)
* વિદ્યાનગર ખાતે રૂા.૫ કરોડના ખર્ચે બનનાર બહુ ઉપયોગી જિમ્નેશીયમનું ભૂમિપૂજન થયુ (નયા પડકાર, ૧૮/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટની બીજા તબક્કાની ચૂંટણીનું પરિણામ જાહેર (નયા પડકાર, ૧૮/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટી સેનેટના સેકન્ડરી વિભાગમાં ભરત પટેલ વિજયી (નયા પડકાર, ૧૮/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટી સ્ટાફ કવાર્ટસમાં સુવિધાના અભાવે કર્મચારીઓમાં રોષ (સરદાર ગુર્જરી, ૧૯/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હરીશ પાઢને બી સ્કુલ એકસીલેન્સ એવોર્ડ એનાયત (સરદાર ગુર્જરી, ૨૩/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીની સિન્ડિકેટ બોડીમાં ચાર સભ્યોની ગવર્નમેન્ટ નોમીની તરીકે નિમણૂંક (સરદાર ગુર્જરી, ૨૫/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીના એકસટર્નલ વિભાગની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો (સરદાર ગુર્જરી, ૧૫/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટી સંકુલને રૂા.૯ કરોડના ખર્ચે ત્રણ મુખ્ય દરવાજાથી બ્લોક કરી દેવાશે (સરદાર ગુર્જરી, ૨૬/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટી સેનેટમાં સરકાર નિયુકત સભ્યોની યાદી જાહેર થઇ (નયા પડકાર, ૨૫/૨/૧૨)

* સરદાર પટેલ યુનિવર્સિટીના પાંચ અનુસ્નાતક વિભાગોના વડાઓની બદલી (સરદાર ગુર્જરી, ૨૫/૨/૧૨)
* કચ્છ યુનિવર્સિટીમાં આજે 'નેનો ટેકનોલોજી - ટુડે એન્ડ ટુમોરો' વિષય પર રાષ્ટ્રિય સેમિનાર સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હરીશ પાઢ અને કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. શશીરંજન યાદવના અધ્યક્ષસ્થાને સવારે ઉદ્‌ઘાટન સમારોહ પાંચથી વધુ નિષ્ણાતો નેનો ટેકનોલોજી અંગે વકતવ્ય આપશે (દેશ પરદેશ આજકલ, ભુજ ૨૫/૨/૧૨)
* કેન્સર જેવા રોગોની સારવારમાં નેનો ટેકનોલોજી ઉપયોગી છે. ડૉ. હરીશ પાઢે કચ્છ યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગ દ્વારા નેનો ટેકનોલોજી : ટુડે એન્ડ ટુમોરો વિશે રાષ્ટ્રિય સેમિનાર; કચ્છ યુનિવર્સિટીના રીસર્ચ સેન્ટરમાં સંશોધન થશે (દેશ પરદેશ આજકલ, ભુજ ૨૬/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હરીશ પાઢ બી સ્કુલ એકસેલન્સ એવોર્ડથી સન્માનીત થયા. ભારતના ૪ કુલપતિઓ સાથે ડૉ. પાઢને મળેલું બહુમાન (આજકાલ, ૨૫/૨/૧૨)
* જમ્મુ કાશમીરના રાજયપાલના હસ્તે સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રો. રમેશ મકવાણાને આંતરરાષ્ટ્રિય સરદાર પટેલ એવોર્ડ એનાયત (સરદાર ગુર્જરી, ૨૮/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપક્રમે ભારતીય સંસદીય પ્રથા અને લોકશાહી વિષયે રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો (સરદાર ગુર્જરી, ૨૯/૨/૧૨)
* કેન્સરની સારવાર માટેનું સંશોધન સફળતાને આરે, જે ભાગનું કેન્સર હોય ત્યાં જ સીધી અસર કરે તેવા ઇન્જેકટેડ પ્રકારની દવાનું સંશોધન કરી ડૉ. હરીશ પાઢ ગુજરાતનું નામ રોશન કરશે (આજકાલ, ૨૮/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા જીમ્નેશિયમનું ખાર્તમુહૂર્ત યોજાયું ( સંદેશ, ૨૮/૨/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિને બી સ્કુલ એકસલેન્સ એવોર્ડ (સરદાર ગુર્જરી, ૧/૩/૧૨)
* વિદ્યાનગર ખાતે સંસદીય પ્રથા અને લોકશાહી ઉપર રાષ્ટ્રીય પરિસંવાદ (નયા પડકાર, ૨/૩/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપક્રમે ભારતીય સંસદીય પ્રથા અને લોકશાહી વિષયે રાષ્ટ્રિય પરિસંવાદ યોજાયો (સરદાર ગુર્જરી, ૨/૩/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીના ૯ પૈકી ૪ કર્મચારીઓની બદલીની માંગણી સંતોષાઇ (સરદાર ગુર્જરી, ૬/૩/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટી, ભૌતિકશાસ્ત્ર વિભાગનો રાષ્ટ્રીય કક્ષાનો પરિસંવાદ યોજાયો (નયા પડકાર, ૮/૩/૧૨)
* એમ.બી. પટેલ કોલેજ ઓફ એજયુકેશનનો વાર્ષિકોત્સવ યોજાયો (નયા પડકાર, ૮/૩/૧૨)
* વિદ્યાનગરમાં રિસર્ચ મેથોડોલોજી પર કાર્યશાળા યોજાશે (દિવ્ય ભાસ્કર, ૧૧/૩/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપક્રમે રીસર્ચ મેથેડોલોજી પર વર્કશોપ યોજાયો (સરદાર ગુર્જરી, ૧૧/૩/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીની ઓપન હાઉસ મીટીંગ તા.૧૨ માર્ચે યોજાશે (નયા પડકાર, ૧૦/૩/૧૨)
* ફિઝીયોથેરાપીના ૧૦ નાપાસ વિદ્યાર્થીઓના ન્યાય મામલે એન.એસ.યુ.આઇ. ની બ્લેક હોળી (સરદાર ગુર્જરી, ૧૦/૩/૧૨)
* કેન્સર પીડીતો આનંદો ! સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિનું કેન્સરને કેન્સલ કરવામાં આશાસ્પદ પગલું (સરદાર ગુર્જરી, ૧૪/૩/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન ફાર્માસ્યુટીકલ સાયન્સ ડિપાર્ટમેન્ટમાં ચાલતી ગેરરીતિ મામલે અવાજ ઉઠાવતુ સ્કોલર યુનિયન (સરદાર ગુર્જરી, ૧૨/૩/૧૨)
* વિદ્યાનગરમાં રીસર્ચ મેથેડોલોજી પર ત્રિદીવસીય કાર્યશાળાનો થયેલ પ્રારંભ (નયા પડકાર, ૧૩/૩/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીની પ્રથમ તબક્કાની પરીક્ષાનો આજથી પ્રારંભ (સરદાર ગુર્જરી, ૧૫/૩/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટી સેનેટની સભા તા. ૩૦મીએ, સિન્ડિકેટની સભ્યોની ચૂંટણી થશે (નયા પડકાર, ૧૫/૩/૧૨)
* યુનિવર્સિટીના સેનેટ હોલમાં રિસર્ચ મેથેડોલોજી પર કાર્યશાળા યોજાઇ (ગુજરાત સમાચાર, ૧૪/૩/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીની પરીક્ષામાં ઇ-નજર (સરદાર ગુર્જરી, ૧૬/૩/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીની નવી સિન્ડિકેટની ૩૦મી માર્ચે યોજાનાર ચૂંટણી (સરદાર ગુર્જરી, ૧૯/૩/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીની આગવી ઓળખ ધરાવતુ રાજયનું એકમાત્ર હર્બેરિયમ ન ભૂતો ન ભવિષ્ય બની રહેશે (સરદાર ગુર્જરી, ૧૯/૩/૧૨)

* સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન ફિઝીયોથેરાપીના બીજા વર્ષના નાપાસ ૧૨ પૈકી ૩ વિદ્યાર્થીઓ પાસ જાહેર (સરદાર ગુર્જરી, ૨૦/૩/૧૨)
* સરદાર પટેલ યુનિવર્સિટીના સ્ટાફ ક્વાર્ટસની જર્જરિત હાલતને કારણે હાલાકી અનુભવતા કર્મચારીઓ (સરદાર ગુર્જરી, ૨૧ માર્ચ)
* Cancel Cancer: SP University Vice-Chancellor's Outstanding Research on Anti-Cancer Drug (Times of India)
* બાયોસાયન્સ વિભાગમાં વર્કશોપ યોજાશે (નયા પડકાર, ૨૫ માર્ચ)
* નેક કમિટી દ્વારા સ.પ. યુનિ.ને ગ્રેડ એનાયત (સરદાર ગુર્જરી, ૨૫ માર્ચ)
* વિદ્યાર્થીઓની ઓછી સંખ્યાને પગલે સ.પ. યુનિ. દ્વારા બી.એડ્ ફોર્મ ભરવાની તારીખ ૩૧ માર્ચ સુધી લંબાવાઈ (સરદાર ગુર્જરી, ૨૫ માર્ચ)
* સરદાર પટેલ યુનિ. વલ્લભવિદ્યાનગરમાં આગામી ૩ વર્ષ માટે આજે સિન્ડીકેટ સભ્યોનું ભાવિ નક્કી થશે (સરદાર ગુર્જરી, ૩૦ માર્ચ)
* એસ.પી. યુનિ.માં સિન્ડિકેટની ૧૪ બેઠકો માટે ચૂંટણી (દિવ્ય ભાસ્કર, ૩૦ માર્ચ)
* સરદાર પટેલ યુનિવર્સિટીનું ૩.૬૨ કરોડની ખાધવાળું બજેટ સર્વાનુમતે મંજૂર (નયા પડકાર, ૩૧ માર્ચ)
* એસ.પી. યુનિવર્સિટીની સેનેટ ચૂંટણી શાંતિપૂર્ણ રીતે સંપન્ન (ગુજરાત સમાચાર, ૩૧ માર્ચ)
* સરદાર પટેલ યુનિ. સિન્ડિકેટની ચૂંટણી યોજાઈ (નયા પડકાર, ૩૧ માર્ચ)
* એસ.પી. યુનિ. સિન્ડિકેટમાં ૧૧ નવા ચહેરાને સ્થાન મળ્યું (દિવ્ય ભાસ્કર, ૩૧ માર્ચ)
* સિન્ડીકેટ ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન (સંદેશ ૩૧ માર્ચ)
* ત્રણ ત્રણ વખત પરીક્ષાઓ લેવા છતાં વિદ્યાર્થી નાપાસ થાય તો તેમાં યુનિ. શું કરે ? - કુલપતિ (સરદાર ગુર્જરી, ૨ એપ્રિલ)
* એસ.પી. યુનિ. હસ્તકની ૧૩ કોલેજોમાં ૧૩૦૦ સીટો સામે માત્ર ૨૦૬૦ ફોર્મ જ ભરાયા (ગુજરાત સમાચાર, ૫ એપ્રિલ)
* વિદ્યાર્થીઓ હરખાવો ! સ.પ. યુનિવર્સિટીના પ્રાંગણમાં જ ઉપલબ્ધ થશે સાયબર કાફેની સુવિધા
* યુજીસીની માન્યતા માટે સરદાર પટેલ યુનિ.ની ૧૦૦ કરોડની પ્રપોઝલને સિન્ડીકેટ સભ્યોની મંજૂરીની મહોર (સરદાર ગુર્જરી, ૮ એપ્રિલ)
* સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરમાં એમ.એ. પોલીટીકલ સાયન્સના એક્સટર્નલ કોર્સ અને ભૂગોળ અનુસ્નાતક અભ્યાસ શરૂ કરવા માંગ (સરદાર ગુર્જરી, ૮ એપ્રિલ)
* પી.જી. કોર્સ શરૂ કરવા અંગે આવેદન પત્ર અપાયું (સરદાર ગુર્જરી, ૧૦ એપ્રિલ)
* અંદરો-અંદરના ડખાઓના કારણે સરદાર પટેલ યુનિ.ના બાયો સાયન્સ ડિપાર્ટમેન્ટે ૧.૧૦ કરોડની ગ્રાન્ટ ગુમાવી (સરદાર ગુર્જરી, ૧૦ એપ્રિલ)
* યુનિ.ની લેથાર્જિક નીતિના કારણે પરીક્ષા આપવા અંગે વિદ્યાર્થીઓ ધર્મ સંકટમાં !
* વાહ રે યુનિવસિટી વાહ ! બી.એડ.નું કાઉન્સલિંગ ૨૩મી એપ્રિલથી અને એમ.એ.ની પરીક્ષા પૂર્ણ થશે ૧લી મે એ !
* એફવાય બીએમાં ઈન્ટરનલ પરીક્ષાનું પ્રશ્નપત્ર બેઠું પૂછાયું (દિવ્ય ભાસ્કર, ૧૭ એપ્રિલ)
* સરદાર પટેલ યુનિવર્સિટીમાં કોમ્યુનીકેશન સ્કીલના પેપરમાં ગેરરીતિના મુદ્દે છાત્રોનો હોબાળો (સંદેશ, ૧૮ એપ્રિલ)
* સરદાર પટેલ યુનિ.માં વધુ એક ભોપાળું. પેપર સેટરે પ્રશ્નપત્રની જ કરી કોપી ! ( સરદાર ગુર્જરી, ૧૭ એપ્રિલ)
* સરદાર પટેલ યુનિ.નો રેડિયો હવે મૂંગો બનશે ! (સરદાર ગુર્જર, ૧૭ એપ્રિલ)
* એમ.એ. (પ્રથમ-દ્વિતીય વર્ષ) એક્સટર્નલ પરીક્ષા કાર્યક્રમમાં ફેરફાર (નયા પડકાર, ૧૯ એપ્રિલ)
* વલ્લભવિદ્યાનગરમાં મોટાભાગના પરીક્ષાર્થીઓને સતાવતો સવાલ... સરદાર પટેલ યુનિ.નું જ્ઞાનોદય પરીક્ષા ભવન ક્યાં છે ? (સરદાર ગુર્જરી, ૨૪ એપ્રિલ)
* સ.પ. યુનિ.ની ભૂલે વિદ્યાર્થીઓના કરમે કઠણાઈ ! પોલિટીકલ સાયન્સના પેપર નં. ૮ને બદલે પેપર નં.૧૦ આપી દેવાયું (સરદાર

ગુર્જરી, ૨૪ એપ્રિલ)

* સ.પ. યુનિ.ની વેબસાઈટ પર જૂનીપુરાણી માહિતીઓ ઉપલબ્ધ (સરદાર ગુર્જરી, ૨૪ એપ્રિલ)
* સ.પ. યુનિ. ખાતે એસ.સી.એસ.ટી નેટ પરીક્ષા તાલીમ કેન્દ્ર શરૂ કરાશે (સરદાર ગુર્જરી, ૨૬ એપ્રિલ)
* એસ.પી. યુનિવર્સિટીની પરીક્ષા પદ્ધતિમાં અનેક ખામીઓ (ગુજરાત સમાચાર, ૨૬ એપ્રિલ)
* સરદાર પટેલ યુનિવર્સિટીના ફોરેન સ્ટુડન્ટ સેન્ટરમાં નોંધાયેલા મહત્તમ નેપાળી વિદ્યાર્થીઓમાં એમ.બી.એ.નો ક્રેઝ ! (ગુજરાત સમાચાર, ૩૦ એપ્રિલ)
* સ.પ. યુનિવર્સિટી દ્વારા યુજીસીના ૧૧માં પ્લાન અંતર્ગત ફાળવાયેલી ગ્રાન્ટ નિર્ધારિત સમયમાં ન વપરાતા એક્સ્ટેન્શન અપાયું (સરદાર ગુર્જરી, ૧ મે)
* સ.પ. યુનિ. સીન્ડીકેટ બેઠક : એક સિવાય તમામ કામોને મળેલ મંજૂરી (નયા પડકાર, ૪ મે)
* એસ.પી. યુનિવર્સિટીની સિન્ડિકેટ બેઠકમાં કમિટિનો મુદ્દો ગરમાયો (દિવ્ય ભાસ્કર, ૪ મે)
* ૨૮ મુદ્દાઓ ઉગ્ર ચર્ચા કરી મંજૂર કરવામાં આવ્યા સ.પ. યુનિ.ની સિન્ડીકેટ બેઠક અનેક મુદ્દાઓ લઈને ઉગ્ર બની ( સંદેશ, ૪ મે)
* એસ.પી. યુનિ. પાસે ફુવારો બંધ ને મોટા સર્કલથી ચાલકો પરેશાન (ગુજરાત સમાચાર, ૪ મે)
* સરદાર પટેલ યુનિવર્સિટીની સિન્ડીકેટ બેઠક છ કમિટીઓની રચનાના મામલે તોફાની બની (સરદાર ગુર્જરી, ૪ મે)
* સરદાર પટેલ યુનિવર્સિટીની  વાર્ષિક પરીક્ષાઓમાં છબરડાઓ અંગે જવાબદારો પાસેથી લેખિતમાં ખુલાસા પૂછાયા (સરદાર ગુર્જરી, ૫ મે)
* હાલ ચાલી રહેલી પરીક્ષા દરમ્યાન સરદાર પટેલ યુનિવર્સિટીમાં ચોરીના ૮૮ કેસ નોંધાયા (સરદાર ગુર્જરી, ૫ મે)
* સરદાર પટેલ યુનિ. પ્રથમ વર્ષ (એન.સી.) વિદ્યાર્થીઓની પરીક્ષા ૬ જૂનના રોજ લેવાશે (સરદાર ગુર્જરી ૧૦ મે)
* આંતરરાષ્ટ્રીય યુરોપિયન સાયન્સ એવોર્ડ મેળવતા સરદાર પટેલ યુનિ.ના કુલપતિ ડૉ. હરીશ પાઢ (સરદાર ગુર્જરી ૧૦ મે)
* સ.પ. યુનિ. કર્મચારી ક્લબનો સન્માન સમારંભ યોજાયો (સરદાર ગુર્જરી, ૧૦ મે)
* સરદાર પટેલ યુનિવર્સિટીનું કેરિયર કાઉન્સેલિંગ સેલ ઠપ્પ !!! (સરદાર ગુર્જરી, ૧૩ મે)
* સરદાર પટેલ યુનિ. દ્વારા ચલાવવામાં આવતા નેટના વર્ગોમાં વિદ્યાર્થીઓ સાથે થયેલો અન્યાય (સરદાર ગુર્જરી, ૧૫ મે)
* ડૉ. હરીશ પાઢને યુરોપિયન સાયન્સ એવોર્ડ સન્માન (દિવ્ય ભાસ્કર, ૧૫ મે)
* એસ.પી. યુનિવર્સિટીની પરીક્ષામાં છબરડાં : તપાસ સમિતિ રચાશે (દિવ્ય ભાસ્કર, ૧૫ મે)
* અનુદાન મેળવનાર રાજ્યના ૩૫ પૈકી ૨૪ પ્રાધ્યાપકો વિદ્યાનગરના કુલ રૂ।. ૧ કરોડ ૭૬ લાખથી વધુ અનુદાન જુલાઈ સુધીમાં યુજીસીએ મંજુર કર્યું (નયા પડકાર, ૧૫ મે)
* સરદાર પટેલ યુનિવર્સિટીની ચાર ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં આચાર્યની નિમણૂંક કરાઈ (સરદાર ગુર્જરી, ૧૭ મે)
* સ.પ. યુનિ. વાર્ષિક પરીક્ષામાં પ્રશ્નપત્ર બેઠેબેઠું પૂછવાના મામલે પાંચ પ્રાધ્યાપકોને પરીક્ષા પ્રક્રિયામાંથી બાકાત કરવા નિર્ણય : નાણાં પરત લેવાશે (સરદાર ગુર્જરી, ૨૨ મે)

## આંતરરાષ્ટ્રીય યુરોપિયન સાયન્સ એવોર્ડ મેળવતા સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢ



સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢની પસંદગી આ વર્ષના સુપ્રતિષ્ઠિત વિજ્ઞાન પુરસ્કાર માટે થઈ છે. આ પુરસ્કાર યુરોપિયન બિઝનેસ એસેમ્બલી, તેમજ યુરોપની સૌથી મોટી જનરલ સાયન્સ સભા ''યુરો સાયન્સ ઓપન ફોરમ'' (ESOF) અને ક્લબ ઓફ રેક્ટરસ (ડીન અને પ્રોવોસ્ટ) ઓફ યુરોપ દ્વારા સંયુક્ત રીતે ડૉ. પાઢને એનાયત થશે. આ પુરસ્કાર ડૉ. પાઢને આગામી ૧૧ થી ૧૫ જુલાઈ ૨૦૧૨ દરમિયાન ડબ્લીન (આયર્લેન્ડ) ખાતે યુરો સાયન્સ ઓપેન ફોરમની હવે પછીની મીટીંગમાં અર્પણ કરવામાં આવશે.

વિજ્ઞાન, ટેક્નોલોજી અને શિક્ષણના ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરવા બદલ ડૉ. પાઢને,''ધ નેમ ઈન સાયન્સ'' એવોર્ડથી અલંકૃત કરવામાં આવશે. આ માટેનો ખાસ સમારંભ યુરોપિયન બિઝનેસ એસેમ્બલી, યુરો સાયન્સ સોક્રેટીસ નોમિનેશન કમીટી, ક્લબ ઓફ રેક્ટરસ ઓફ યુરોપ અને વિશ્વના ૧૬ જેટલા દેશોના સમર્થ, બિન- સરકારી સંસ્થાનો, વ્યાવસાયીકો અને ક્રિએટિવ યુનિયન દ્વારા સમર્થિત, ''ઈન્ટરનેશનલ ક્લબ ઓફ લીડર્સ'' ના સંયુક્ત ઉપક્રમે ડબ્લીન (આયર્લેન્ડ)ના સીટી હોલમાં યોજાશે. આ પુરસ્કાર માટે ડૉ. પાઢનું નામાંકન સોક્રેટીસ નોમિનેશન કમીટીએ કર્યું હતું.

આ પુરસ્કારના પ્રસસ્તી પત્રમાં નોધાયું છે કે - આપની ઉજવલ વૈજ્ઞાનિક કારકિર્દી, એ ઉપરાંત ફળદાયી વ્યાવસાયિક અને સામાજિક પ્રવૃત્તિઓના પરિણામો આપ આપના દેશની સીમાને આતીક્રમી ગયા છો. એટલું જ નહિ આપ વિશ્વના પ્રખર બૌદ્ધિકોની વિરલ સૂચીમાં સ્થાન પામ્યા છો. આ માટે સોક્રેટીસ નોમિનેશન કમીટીએ આપને ''ધ નેમ ઈન સાયન્સ'' માનદ્ પુરસ્કાર અર્પણ કરવાનો નિર્ધાર કર્યો છે.

આ અંતર્ગત ડૉ. પાઢને માનદ્ નામભિધાન (ટાઈટલ): ''ધ નેમ ઈન સાયન્સ'', વ્યક્તિગત પ્રમાણપત્ર અને વિજ્ઞાનના વિશ્વમાં વિશિષ્ટ પ્રદાન કરવા બદલ એક ચંદ્રક અર્પણ કરવામાં આવશે. વળી, ડૉ. પાઢનું નામ વિશ્વના વિશિષ્ટ પ્રદાન કરનારા વૈજ્ઞાનિકોની સૂચિમાં સામેલ કરવામાં આવશે.

યુરો સાયન્સ ઓપન ફૉરમની મીટીંગ ડબ્લીન (આયર્લેન્ડ) ખાતે દર બે વર્ષે જુલાઈમાં યોજાતી હોય છે. આ વખતની મીટીંગમાં ૨૬ જેટલા નોબલ પારિતોષિક વિજેતા મહાનુભાવો સમેત ૫૦ દેશોના ૫૦૦૦ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેવાનો અંદાજ છે. આ મીટીંગમાં એડવાન્સ સાયન્સ અને એનો સમાજ જીવન પર પ્રભાવ વિશે ચર્ચા વિચારણા કરવામાં આવશે. આમાં ઉપસ્થિત રહીને પુરસ્કાર ગ્રહણ કરવા માટે ડૉ. હરીશ પાઢ ને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું છે.

કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢ ને આ આંતરરાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત થયું છે એ માટે સરદાર પટેલ યુનિવર્સિટીનો સમગ્ર પરિવાર હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે. તાજેતરમાં ડૉ. પાઢ ને શિક્ષણક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરવા બદલ ''Bloomberg UTV અને Star Industries''ના ઉપક્રમે ''B-School Excellence'' એવોર્ડ એનાયત થયો હતો એ ઉલ્લેખનીય છે.

### Subscribe Today

| Annual | | Life |
|---|---|---|
| Students | : Rs.10.00 | Faculty & Staff : Rs.200.00 |
| Others | : Rs.15.00 | Institutions & Individuals : |
| Institutions | : Rs.100.00 | Rs.500.00 |

Lifetime Subscription in Foreign Exchange:
US $ 100.00 € 75.00 £ 75.00

Contact: Publication Division, Bhaikaka Library
Vallabh Vidyanagar 388 120

### Contribute Today

Sheel Shrutam welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120.
Email: sheelshrutam@gmail.com

Book Post (Printed Matter)

If undelivered please return to :
The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

Sheel Shrutam : A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.